
ઓગસ્ટ ૨૦૧૬

# દાદાવાણી

કિંમત ₹ ૧૦








તે હવે રિલેટિવ ને રિયલ જોતા જોતા બન્ને જુદું દેખાશે. આ ચામડાની આંખથી રિલેટિવ દેખાય અને પેલી અંદરની આંખથી રિયલ દેખાય. આ રીતે દેખે તો એક કલાકમાં તો પુણિયા શ્રાવકનું સામાયિક થઈ જાય !

તંત્રી : ડિમ્પલ મહેતા
વર્ષ : 21, અંક : 12
સળંગ અંક : 252
ઓગષ્ટ 2016

**સંપર્ક સૂત્ર :**
અડાલજ ત્રિમંદિર, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઈવે,
મુ.પો.: અડાલજ-382421
જિ. ગાંધીનગર, ગુજરાત.
ફોન :(079) 39830100
email:dadavani@dadabhagwan.org
www.dadabhagwan.org
દાદાવાણી ફરિયાદ માટે : 8155007500

**Printed & Published by**
**Dimple Mehta** on behalf of
**Mahavideh Foundation**
5, Mamtapark Society,
Bh. Navgujarat College,
Usmanpura, Ahmedabad-14.
**Owned by**
**Mahavideh Foundation**
5, Mamtapark Society,
Bh. Navgujarat College,
Usmanpura, Ahmedabad-14.
**Printed at**
**Amba Offset**
Basement, Parshvanath
Chambers, Nr.RBI,
Usmanpura, Ahmedabad-14.
**Published at**
**Mahavideh Foundation**
5, Mamtapark Society,
Bh. Navgujarat College,
Usmanpura, Ahmedabad-14.
કુલ 28 પેજ કવર પેજ સાથે

**લવાજમ (ગુજરાતી)**
**15 વર્ષ**
ભારત : 750 રૂપિયા
યુ.એસ.એ. : 150 ડોલર
યુ.કે. : 100 પાઉન્ડ
**વાર્ષિક સભ્ય**
ભારત : 100 રૂપિયા
યુ.એસ.એ. : 15 ડોલર
યુ.કે. : 10 પાઉન્ડ
D.D. / M.O. 'મહાવિદેહ ફાઉન્ડેશન'ના નામે મોકલવો.

# દાદાવાણી

## સામાયિક અંગેની વૈવિધ્યસભર સમજ

### સંપાદકીય

બધા ધર્મોમાં ધ્યાન-ભક્તિ દ્વારા એકાગ્રતા કરવામાં આવે છે. વિશેષતાએ કરીને જૈનો સામાયિક કરી એકાગ્રતા કરવા પ્રયત્ન કરે છે. એમાં સામાયિક કરતા પહેલા નક્કી કરે કે સંસાર સંબંધી વિચાર કરવા નથી, પણ આંખ બંધ કરતા જ પહેલું એ જ યાદ આવે. પરમ પૂજ્ય દાદા ભગવાન (દાદાશ્રી) અહીં વિજ્ઞાન ખુલ્લું કરે છે કે મન પોતે જ ચંચળ સ્વભાવનું છે. એ કોઈ દહાડો સ્થિર ના થાય. કારણ કે એ રિએક્શનવાળું છે. ખરું સામાયિક તો એ કે જે હરતા-ફરતા રહે અને આનંદનો પાર ના રહે. એનાથી બધા પાપો ભસ્મીભૂત થઈ જાય અને સાથે સાથે કર્મોની નિર્જરા પણ થાય.

સામાયિક કરતી વખતે પોતે ધ્યાનમાં ક્યાં વર્તે છે એ મહત્વનું છે. સામાયિક કરતા, માળા ફેરવતા ધ્યાન બીજે ગયું હોય તો એ ક્રિયાનું ફળ નથી જોવાતું, પણ તે વખતે પોતે જે ધ્યાનમાં વર્તતા હોય તે જ જોવામાં આવે છે. છૂટવા માટેના ધ્યાનને પદ્ધતિસર ના કર્યું તે અપધ્યાનમાં ગયું. આ કાળમાં એવા અપધ્યાન ઊભા થયા છે. જેની કિંમત વધારે ત્યાં ચિત્ત જાય.

ક્રમિક માર્ગમાં ધ્યાતા-ધ્યેય અને ધ્યાન ત્રણની એકતા થાય એ સામાયિક ગણાય છે. તે શુદ્ધાત્માને ધ્યેય ગણે, પોતે ધ્યાતા ને ધ્યાન ગોઠવે. તેય શબ્દરૂપ ધ્યાન દેવાના, સાચા શુદ્ધાત્માની તો વાત જ ના હોય.

જ્ઞાની પુરુષ પાસે પ્રાપ્ત થયેલ આત્મા રૂપ નિરંતર રહેવું એ જ સામાયિક છે. આ સામાયિક એટલે 'હું શુદ્ધાત્મા છું' એનું લક્ષ હમેશાં રહ્યા જ કરે. પછી ફાઈલોનો સમભાવે નિકાલ કરવો, પાંચ આજ્ઞા રૂપ જ્ઞાનમાં રહેવું એ જ સામાયિકનું સ્વરૂપ છે.

આપણે અહીં અક્રમમાં તો શુદ્ધાત્માનું નિરંતર ધ્યાન હોય છે. હવે બીજા કોઈ ધ્યાન કરવાની જરૂર ના રહી. ફાઈલ ૧ શું કરે છે ને શું નહીં એટલું જ જોયા કરવાનું એ જ આપણા વિજ્ઞાનનો સાર. અને બીજું રિયલ અને રિલેટિવ, આ બે વ્યૂ પોઈન્ટ આપ્યા છે ને, તે બધા જીવમાત્રની અંદર શુદ્ધાત્મા જોતા જોતા જઈએ એટલે એક કલાકમાં તો પુણિયા શ્રાવકનું સામાયિક થઈ જાય.

અહીં વ્યવહાર સામાયિક તેમજ પૂર્ણાહુતિના સામાયિક સંબંધી વાણીનું સંકલન થયું છે, એ કોઈ ધર્મના ખંડન-મંડન માટે નથી. દાદાશ્રી પાસે મુમુક્ષુઓ પોતાની આધ્યાત્મિક મૂંઝવણો રજૂ કરતા અને એના સૈદ્ધાંતિક ખુલાસા દાદાશ્રી પાસેથી મેળવતા. પૂજ્ય દાદાશ્રી ઉદ્‌બોધિત સામાયિકની સમજનું અત્રે સંકલન કરવામાં આવેલ છે, તેનું યથાર્થ આરાધન મોક્ષમાર્ગે પ્રગતિ કરવા સહુને મદદરૂપ થશે એ જ અભ્યર્થના.

**જય સચ્ચિદાનંદ.**

# સામાયિક અંગેની વૈવિધ્યસભર સમજ

## લૌકિક સામાયિક એ એકાગ્રતાનું સાધન

**પ્રશ્નકર્તા :** અત્યારે આ અમુક સંપ્રદાયમાં સામાયિક અને પ્રતિક્રમણ ચાલે છે, તે બાબતમાં આપનો શું ખ્યાલ છે ?

**દાદાશ્રી :** એ સામાયિક ને પ્રતિક્રમણ ન્હોય, એ તો બધું લૌકિક.

**પ્રશ્નકર્તા :** છે તો બરાબર ને ?

**દાદાશ્રી :** ના, લૌકિક.

**પ્રશ્નકર્તા :** એમાં સ્વાધ્યાયેય થઈ જાય, સ્મરણેય થઈ જાય અને એકાગ્રતા પણ થઈ જાય, એ સામાયિક ને પ્રતિક્રમણમાં.

**દાદાશ્રી :** પણ સામાયિક કરતા કોને આવડે છે, એ મને દેખાડો ને ?

**પ્રશ્નકર્તા :** કેવી હોવી જોઈએ એ અલગ વાત છે પણ..

**દાદાશ્રી :** નહીં, સાચું સામાયિક કરે તો તો ઘણું કામ થઈ જાય, પણ સામાયિકમાં તો કામ કર્યા કરે છે, પછી કઈ રીતે થાય ? આનું, મનનું ઠેકાણું શી રીતે રહે ?

**પ્રશ્નકર્તા :** જેમ બાળક ભણવા જાય છે ત્યારે એકડા પછી બગડો શીખે છે, એમ આ સામાયિક કરે તો પછી એકાગ્રતા થતી જાય ને ધીમે ધીમે ?

**દાદાશ્રી :** ના, ના, આ કાળ લપસતો છે ને !

**પ્રશ્નકર્તા :** તો તો પછી કરવાનો અર્થ જ ના રહ્યો ને ?

**દાદાશ્રી :** નથી રહ્યો, છતાંય કરે તો નુકસાન નથી. હપુચો બીજી દોડધામ કરે તેના કરતા આ સારું છે. એની ભાવના સારી છે ને એની પાછળ !

સામાયિક એટલે તો અડતાલીસ મિનિટ સુધી એ ધ્યાન ફરવું ના જોઈએ, એનું નામ સામાયિક કહેવાય. આ તો બધાને એકાગ્રતા કરવા માટે સાધન છે. તમે કયું સામાયિક કહો છો ?

## મનને કરે સ્થિર સામાયિકમાં

**પ્રશ્નકર્તા :** એક કલાક માટે આપણે સામાયિક કરીએ, તો એ ક્રિયામાં આપણે કરવાનું શું ?

**દાદાશ્રી :** આ આટલું જ, આ મનને સ્થિર કરવા માટે બધા બહારના વિચારો ખસેડ ખસેડ કરવાના. એ લૌકિક સામાયિક બધું વ્યવહારમાં ચાલે છે.

**પ્રશ્નકર્તા :** અપાસરામાં (ઉપાશ્રય) જે લોકો કરે છે તે ?

**દાદાશ્રી :** એ બધું માનસિક, એ લૌકિક બધું. એ બધું મનને સ્થિર કરવા માટે, (કારણ કે) મન સ્થિર રહે નહીં ને !

એક કુંડાળું ચીતરે, એમાં બહારથી કોઈ અંદર પેસે તો પ્રોટેક્શન (રક્ષણ) કર્યા કરે. કુંડાળામાંથી બહાર કાઢે, કુંડાળામાં પેસવા ના દે. જે વિચાર આવે તેને બહાર ધક્કો માર માર કરે, પણ તોય મન લપટું પડી ગયેલું, જતું જ રહે ને ! લપટું એટલે શીશો આડો થયો એટલે બૂચ ક્યાંય જતો રહે ! આમ મનને પાછું લાવીને પોતાની બાઉન્ડ્રી (સીમા) માં રાખ રાખ કરવું એનું નામ સામાયિક. એ અત્યારે વ્યવહારમાં જે ચાલે છે, એ (લૌકિક) સામાયિક કહેવાય.

અમારી નજીક એક ભઈ સામાયિક કરતા'તા. તે મેં કહ્યું, 'ભઈ, સામાયિકમાં શું કરો છો ?' ત્યારે કહે છે, 'એક કુંડાળું ચીતરું છું અને પછી આ બહારનું કંઈ 'મારી વસ્તુ ન્હોય' કહું છું. આ દેહને

કહું છું કે 'ભઈ, તું બહાર જતો રહે', મનને કહું છું કે 'તું જતું રહે.' એ બધું કહું છું પણ આ બાજુથી દુકાન પેસી જાય છે, તેને ધક્કો મારું છું. આ બાજુથી વાઈફ આમાં પેસી જાય છે, તેને ધક્કા માર માર કરું છું. પાડો ને ગાયો ને ભેંસો બધા પેસી જાય છે, એ બધાને ધક્કા માર માર કરું છું. એવું સામાયિક થાય છે.'

એટલે શેઠ સામાયિક કરવા બેઠા હોય પણ એમને બીજું કશું આવડતું નથી એટલે એ શું કરે? પોતાનું એક કુંડાળું વાળેલું હોય અને બીજા કોઈ વિચારો આવે, દુકાનના, લક્ષ્મીના, વિષયના કોઈ મિત્રના તો ધક્કો મારે. સાસુનો વિચાર આવે વહુનો વિચાર આવે તે એને ધક્કા માર માર કર્યા કરવા પડે.

જેમ તમારી દુકાનમાં જે ચોરો મહીં પેસ પેસ કરે ને તમે ના પેસવા દો, ધક્કા માર માર કરો, એવી રીતે આ લોકો સામાયિક કરવા બેસે છે. તે વિચારો બધા આવે, એને ધક્કા માર માર કરીને કાઢે છે. એ ધક્કાનું સામાયિક થાય. એય એક પ્રકારનું સામાયિક છે પણ. કુંડાળાની બહાર આ વિચાર આવે એને કહેશે, 'અહીં નહીં.' એટલે એ રીતે વખત પૂરો થાય.

**પ્રશ્નકર્તા :** પણ દાદા, મને એક વાત સમજાતી નથી કે વિચારોને હંકાય કેવી રીતે ? આવ્યો એટલે આવ્યો પછી હાંકવું કેવી રીતે ?

**દાદાશ્રી :** વિચાર આવ્યો એટલે પેલો શું બોલે ? એના મનમાં ભાવ આવે કે 'આ કેમ આવ્યો તું ?' એટલે એ પોતે જુદો હોય તે ઘડીએ. મન અને એ (પોતે) બે જુદી વસ્તુ છે અને વિચાર, એ (પોતે) એમાં તન્મયાકાર થાય ત્યારે વિચાર કહેવાય. એ (અહંકાર) એમાં વિચરે ત્યારે વિચાર કહેવાય. એટલે જે જુએ છે ને, તે હાંક હાંક કર્યા કરે.

### નથી કરવું યાદ, તેના જ આવે વિચાર

એટલો ટાઈમ કોઈ ડખો ના કરે, નિરાંતે બેસે. એક જગ્યાએ પેલી શીશી મૂકી રાખે. ઉપરની રેતી નીચે પડે. નીચે પડી રહે એટલે પાછી ફેરવી નાખે. એ શીશી ઉપરનો ઢગલો પડતા પડતા એને અડતાળીસ મિનિટ થાય. એટલે ઢગલો પડી રહે એટલે કહેશે, 'મારું સામાયિક પૂરું થઈ ગયું !'

અડતાળીસ મિનિટ એ પાછો શીશી જોતો જાય. 'હજુ થોડીવાર છે' કહેશે. ભગવાને ના કહેલું તોય શીશી જોતા જાય.

એ સામાયિકમાં જે ના સંભારવાનું, ના યાદ કરવાનું હોય તે જ પહેલું યાદ આવે ! પોતે સામાયિક લે ને મનમાં નક્કી કરે કે આજે દુકાન યાદ કરવી જ નથી તો આંખ મીંચતાની સાથે જ પહેલો ધબડકો જ એ પડે. જે યાદ નથી કરવું, એ નિરાંતે પહેલા જ પડે. એટલે પહેલું ત્યાંથી જ ગભરામણ થઈ જાય કે 'આ વળી યાદ નથી કરવું એવું નક્કી કરીએ છતાં યાદ આવે છે ?' ત્યારે ભગવાન કહે, 'એને નક્કી નથી કરવાનું. શું કરવા કર્યું મૂઆ ?' એને નક્કી ના કર્યું હોય તો રાગે (બરાબર) જ આવે, પણ નક્કી કરે છે પાછો.

એટલે મૂઓ એ કંટાળી જાય. પાછો બીજે દહાડે મને પૂછે છે કે 'આવું થયું.' ત્યારે મેં કહ્યું, શું કરવા એને યાદ કરે છે કે 'મારે દુકાનને યાદ નથી કરવી ?' કારણ કે મન એ રિએક્શન (પ્રત્યાઘાત)વાળું છે. તેં એક્શન માર્યું પાછું તે રિએક્શન આવશે. એક્શન મારવાના જ શું કરવા તે ? પણ પછી સામાયિકમાં કરે શું તે ? શુદ્ધાત્મા થયા નથી એટલે જે વિચાર આવે, એને ધક્કો મારે.

એટલે કોણ રહ્યું ? પોતે એકલો આવા સામાયિક કરે છે ! પેલું સામાયિક તો એને ફાવે જ નહીં ને ! સમતા તો રહે જ નહીં ને !

તોય પણ લોક શું કહે છે ? કે 'ભઈ દોડધામ

કરતો'તો, તેના કરતા ઘડીવારેય આ પાંસરો મર્યો ને!' નહીં તો પેલા માછીમાર માછલાં મારે અને આ અંદર માછલાં મારે. આને સામાયિક કહેવાય જ નહીં ને! એ તો એક જાતની સ્થિરતા છે. છતાં એ સામાયિક સ્થૂળ ભાષામાં ખોટું નથી. એટલી સ્થિરતા તો રહે ને ! ખોટું તો કહેવાય જ નહીં ને !

દુકાનેય ત્રણ કલાક જો માણસ સ્થિર બેસી શકતો ન હોય તો એ ધંધો કરી શકે નહીં. એ તો એની બેઠકે કેટલા કલાક બેસે છે, એના ઉપર છે. ત્રણ કલાક સ્થિર બેસી રહેવો જોઈએ, એક જગ્યાએ. કેટલાકને ભમરા હોય છે, તે પાંચ મિનિટ બેસે ને ઊઠે, બેસે ને ઊઠે.

## સ્પંદન થયું કે અજ્ઞાનનું જોર શરૂ

આપણે કહીએ, 'દુકાન-બુકાન તમે બધા આવો. બધા મને સામાયિકમાં આવીને હેરાન કરો.' તો બધાય નાસી જશે. એ બધા જાણે કે આ શું કર્યું ? કંઈ દવા-બવા લાવ્યા હશે. એ (મન) ફટાકડા ફોડે ત્યારે શું કરીએ ? એમાં ભડકો શું કરે છે ? 'દુકાન યાદ ના આવજે.' ત્યારે કહીએ, 'આવ ને તું, હું બેઠો છું.' 'હે ભગવાન, દુકાન યાદ ના આવે.' મૂઆ, કઈ જાતનો ચક્કર છું તું ? દુકાન નહીં યાદ આવે તો વહુ યાદ આવશે પણ કંઈક આવશે ને ?

જે તમે ના કહો તેનો મહીં પહેલો ધડાકો થાય! અને તમે કહો કે તમે બધા આવજો, તો તે વખતે ના આવે ! તમે જો એમ કહો કે 'હું સામાયિક કરું ત્યારે તમે બધા આવજો', તો તે ઘડીએ કોઈ ના આવે ! એવું છે આ બધું અજ્ઞાન ! એટલે જેમ જેમ તમે એને વધારે હલાવો તેમ તેમ વધારે જોર કરશે. કારણ કે અજ્ઞાનનો સ્વભાવ છે જોર કરવું એ.

## શક્તિ માંગી પુરુષાર્થમાં રહેવું

**પ્રશ્નકર્તા** : એવો કો'ક જ હશે કે જેનું મન કુંડાળામાં રહે. ઉપાશ્રયમાં જાય ત્યાં વ્યાખ્યાન ચાલતું હોય, આ લોકો સામાયિકમાં બેસી ગયા હોય, પણ એમના મન તો બહાર જ હોય, અંદર હોય જ નહીં.

**દાદાશ્રી :** મન વ્યાખ્યાનમાં ના હોય, એ તો ચિત્ત વ્યાખ્યાનમાં હોય અને તેય વ્યાખ્યાન ગમતું હોય તો. બાપજીનું વ્યાખ્યાન આપણને ગમે તો ચિત્ત થોડીવાર ત્યાં ઊભું રહે, બહાર ભટકતું મટી જાય અને મન તો એક બાજુ વિચાર કર્યા જ કરે. એ તો મન વશ થઈ જાય ત્યારે દહાડો વળે. ત્યારે સામાયિક થાય બરાબર.

**પ્રશ્નકર્તા** : પણ મન કુંડાળામાં રહેતું નથી, મન તો કંઈ ફરતું હોય છે.

**દાદાશ્રી :** તો એ સામાયિક પૂરી ના કહેવાય. મન જેટલું આમાં રહે એટલું સામાયિક. આ વ્યવહાર સામાયિક અને ખરી સામાયિક તો હરતા-ફરતા ઉપયોગ રહે.

**પ્રશ્નકર્તા :** પણ દાદા, એ બેની વચ્ચે મનની જે ભાંજગડ થાય છે ને. ધારો કે ત્યાં બીજો વિચાર આવે, ત્યાં મગનનો આવ્યો, ત્યાં છગનનો આવ્યો, ત્યાં ચમનનો આવ્યો. આ બધા પડઘાઓ પડવા મંડે, તે એનું શું ?

**દાદાશ્રી :** એવું છે ને, એ પડઘાઓ પડતા પડતા શરૂઆતમાં જરાક આવું બધું થાય. પછી જો ફરી એ જે ઈષ્ટદેવ હોય કે જેને માનતો હોય તેની માફી માગે કે 'તમે મને શક્તિ આપો, આ નથી થતું આ રીતે.' તો એમ કરતા કરતા સોના અઠ્ઠાણું ટકા થાય, પછી એંસી ટકા થાય, એમ કરતા કરતા ઓછું થાય ક્રમે કરીને.

**પ્રશ્નકર્તા :** એટલે મંડી રહેવું જોઈએ, સતત. સતત જાગ્રત રહેવું જોઈએ ?

**દાદાશ્રી :** એ તો રહેવાનું જ. સતત જાગ્રત રહે તો જ સામાયિક કહેવાય ને ! આ કુંડાળામાં

કૂતરો આવે તો હૈડ, ગાય આવે તો હૈડ, કુંડાળામાં ના પેસવા દે. બીજું પેસી ના જાય. હૈડ કહે છે તેને માટે પુરુષાર્થ છે. હવે સામાયિકનો અર્થ સમજાયો તમને, પૂરેપૂરો ?

## અસામાયિકને મનાયું સામાયિક

**દાદાશ્રી :** તમે સામાયિક શી રીતે કરો છો ?

**પ્રશ્નકર્તા :** સાંપ્રદાયિક વિધિ પ્રમાણે જે સામાયિક થાય છે, તે વિધિ પ્રમાણે સામાયિક કરીએ છીએ. નહીં તો ત્રણ નવકાર ગણી અને એમ ને એમ બેસી જવાનું. એમ ને એમ બેસી જાય તોય આનંદ આવે છે.

**દાદાશ્રી :** નવકાર મંત્ર બોલો છો ?

**પ્રશ્નકર્તા** : હા, નવકાર બોલું, બધું આખું સમરણ ગણું, બધું જ કરું. રોજની ચાર-પાંચ સામાયિક કરું છું.

**દાદાશ્રી :** ઓહોહો ! ચાર-પાંચ સામાયિક કરો છો ? પણ તમે સામાયિક કોને કહો છો ? સામાયિકને સામાયિક કહો છો કે અસામાયિકને સામાયિક કહો છો ?

**પ્રશ્નકર્તા** : સામાયિક ને અસામાયિક કોને કહેવાય, એ ફોડ પાડો ને.

**દાદાશ્રી :** આ લોકો બધા સ્થૂળ સામાયિક કરે છે. સ્થૂળ સામાયિક એટલે મનને વ્યગ્રતામાંથી એકાગ્રતામાં લાવે છે. એ એકાગ્રતા ગણાય છે, એટલે આ વ્યવહાર સામાયિક કહેવાય છે.

આ સ્થૂળ સામાયિક તો મજૂરોનેય રહે છે, બળ્યું ! આ તો આમને વ્યગ્ર થયેલા શેઠિયાઓને ના રહે. સ્થૂળ સામાયિક મજૂરોને રહે પણ એને નકામું જાય, પણ આ તો વ્યગ્રતાવાળાને એકાગ્રતા થાય તે જ કામનું ! સામાયિક તો સમજતા જ નથી. સામાયિક શેને કહેવું તે જ જાણતા નથી.

## ભગવાનનું કહેલું સામાયિક કેવું ?

ભગવાને સામાયિક કોને કહ્યું ? 'જેને આર્તધ્યાન ને રૌદ્રધ્યાન ના થાય, તેને આખોય દહાડો સામાયિક છે', એમ કહ્યું છે ! મહાવીર ભગવાન કેટલા ડાહ્યા ! તમને કશી જ મહેનત કરવાની ના રાખે. અને આ લોકોનું એકુંય સામાયિક ભગવાન 'એક્સેપ્ટ' (સ્વીકાર) ના કરે. આર્તધ્યાન ને રૌદ્રધ્યાન એક ગુંઠાણા માટે, અડતાલીસ મિનિટ માટે બંધ થવા જોઈએ. 'હું ચંદુભાઈ* છું' કરીને સામાયિક કરે, તે પોતાનું 'હું ચંદુભાઈ છું' એ તો બધો ખ્યાલ એ જ રહ્યો તો ચંદુભાઈ જ છું. જ્ઞાન તો તેનું તે જ, અજ્ઞાન જ. તે અજ્ઞાન દશામાં સામાયિકમાં બેસે, સંસારી દશામાં.

જેમ આ લીમડાને કાપી નાખીએ તોય ફરી ફૂટે, તોય તે કડવો જ રહે ને ? કેમ કાપ્યા પછી મહીં ખાંડ નાખીએ તોય કડવો રહે ?

**પ્રશ્નકર્તા :** હા, મૂળમાં જ એમ છે, દાદા.

**દાદાશ્રી :** મૂળ સ્વભાવમાં જ છે એમ ! તેમ આ 'ચંદુભાઈ' બધા રાગ-દ્વેષ બંધ કરીને સામાયિકમાં બેઠા, તો તે શેની સામાયિક કરે? નથી આત્મા જાણ્યો, નથી મિથ્યાત્વ સમજતા! જે મિથ્યાત્વ સમજે તેને સમકિત થયા વગર રહે જ નહીં.

## એ સામાયિકથી ઘટે દેહાધ્યાસ

**પ્રશ્નકર્તા :** એટલે દાદા, આ દેહાધ્યાસ હોય ત્યાં સુધી સ્વાધ્યાય જે કરે છે, તો તે દેહાધ્યાસ જોડે જ હોય છે ને ?

**દાદાશ્રી :** જોડે જ હોય છે.

**પ્રશ્નકર્તા :** એટલે એનો (એ સ્વાધ્યાય) કંઈ ઉપયોગી થાય નહીં.

**દાદાશ્રી :** ના, (વધારે) ઉપયોગી ના થાય છતાંય પણ આ દેહાધ્યાસને ઘટાડે ને એ !

* ચંદુભાઈની જગ્યાએ વાચકે પોતાનું નામ સમજવું.

**પ્રશ્નકર્તા :** તે ઘટાડતું જાય, સ્વાધ્યાય ને આ બધું ?

**દાદાશ્રી :** એ સ્વાધ્યાય સારો હોય ને, એ બધો ફાયદો કરે. દેહાધ્યાસ ઘટાડે. પણ આ જે 'હું કરું છું,' મેં સામાયિક કર્યું, મેં પડકમણું કર્યું, આમાં પડકમણું કોનું નામ કહેવાય કે કપડું ઉજળું થાય. આ પડકમણું કરવું એટલે સાબુ ઘાલવો. એટલે કપડું ઉજળું થવું જોઈએ. કપડું ઉજળું ના થાય એ સાબુ કેમ કહેવાય ?

## માનસિક સામાયિક

**પ્રશ્નકર્તા :** આ જે બે ઘડીનું સામાયિક કરીએ તો એમાં કઈ કઈ ક્રિયાઓ થઈ શકે ?

**દાદાશ્રી :** એવું છે ને, આ સામાયિક જે છે ને, એ મનનું સામાયિક છે. દુકાનના વિચાર આવે કે બીજા રસોડાના વિચાર આવ્યા, તેને ધક્કા માર માર કરવાના.

**પ્રશ્નકર્તા :** એવા વિચાર કંઈ નથી આવતા.

**દાદાશ્રી :** ત્યારે શું આવે છે ?

**પ્રશ્નકર્તા :** ગમે તે થતું હોય, વિચાર ના આવે. હું તો ચોપડીઓ વાંચું છું.

**દાદાશ્રી :** તો ચોપડીઓ વાંચવાથી સામાયિક થાય જ. બીજા કેટલાંક લોકોને આવું ના ફાવે ધક્કાનું, એટલે એ પુસ્તક લઈને બેસી રહે. તે પુસ્તકો જ વાંચ વાંચ કરે. કેટલાક બીજા વિચારમાં, કેટલાક મંત્રમાં, ગમે તેમાં પણ એ સામાયિકમાં રહે એક કલાક થાય એટલે 'સામાયિક પૂરું થઈ ગયું' કહે છે.

એટલે આ તો સામાયિક કરે ને, તેમાં ધાર્મિક પુસ્તક લઈને બેસે તોય ચાલે, પણ એ બધું માનસિક સામાયિક કહેવાય. માનસિક એટલે એમાં આત્માને લેવાદેવા નહીં. એનાથી મન સ્થિર થાય, મન મજબૂત થાય અગર કેટલોક વખત શાસ્ત્ર વાંચે, એટલે બીજા વિચાર ના આવે. ખરાબ જગ્યાએ ટાઈમ ના વપરાય અને સામાયિક થાય. સામાયિકનું ફળ મળે. એનાથી મન સારું રહે.

## એને કહ્યું સ્વાધ્યાય સામાયિક

**પ્રશ્નકર્તા :** આ જૈનોમાં છે એવી રીતે બીજા ધર્મોમાં આવી પદ્ધતિ છે ખરી ?

**દાદાશ્રી :** એવી બધેય છે ને, ત્યાં આગળ સ્થિરતા કરવાનો ગુણ ખરો ને ! ત્યાં ભક્તિ કરે, અહીં સામાયિક કરે, પણ આ મનને થોડો વખત સ્થિર કરે બધું.

સામાયિક એટલે શું ? કે પોણો કલાક બીજામાં તમારું ધ્યાન હતું, તે આમાં રહ્યું, સ્વાધ્યાયમાં રહ્યું, એ સ્વાધ્યાય સામાયિક કહેવાય. પણ એ ઉપયોગ બીજી જગ્યાએ કહેવાય. પણ તોય આ પાંસરા રહેતા નથી, તે ભગવાનેય શી રીતે જમા કરે ? ઘડીવાર, અડતાળીસ મિનિટ પાંસરો રહેતો નથી, તેનું શું થાય ? બાકી ખરું સામાયિક તો એક જ ફેરો કરો ને, તો આનંદનો પાર ના રહે. બધા પાપ ભસ્મીભૂત થઈ જાય.

## પાપથી નિવર્તવું એ વ્યવહાર સામાયિક

**પ્રશ્નકર્તા :** આ વ્યવહારમાં સામાયિક શું હોય છે ?

**દાદાશ્રી :** પાપથી નિવર્તવાનું (પાછા ફરવાનું) હોય છે. પાપથી નિવર્ત્યું એટલું પુણ્ય એની મેળે જ ઊભું થયું. પાપથી નિવર્તે એટલે પાપ કરતો બંધ થયો, એ વ્યવહાર સામાયિક. આ જે બધા ક્રમિકમાં સામાયિક કરે છે, તે આરંભ નહીં, પરિગ્રહ નહીં. બસ એ બેસીને પુસ્તક વાંચ્યા કરે. ગમે તે બીજું કરે, પણ એક વસ્તુમાં જ પાપથી નિવર્તે.

**પ્રશ્નકર્તા :** એનાથી પુણ્ય વધે ને ?

**દાદાશ્રી :** હા, પુણ્ય તો વધે ને ! એક અડતાળીસ મિનિટ તમે મનને પોતાના કુંડાળામાં જ રાખો એટલે પુણ્ય વધે જ.

એક કલાક મનને સ્થિર કરે ને, તો બહુ સારું. તો મનની શક્તિ વધે અને એટલો અવકાશ રહ્યો. આવતા અવતારમાં અવકાશ રહે એટલે એટલા કર્મ બંધ થઈ ગયેલા હોય. મન આંતર્યું, મનને સ્થિર કર્યું, તે બધાનું પુણ્યકર્મ બંધાયેલું હોય.

**પ્રશ્નકર્તા** : તો આમાં કર્મોની નિર્જરા ન થાય ?

**દાદાશ્રી :** નિર્જરા થાય પણ થોડી ઘણી થાય. નિર્જરા તો લાંબી ના થાય ને ! પુસ્તક વાંચીને તો બધાય સામાયિક કરે. પુસ્તક વાંચવાનું સારું લાગે. પેલું બહારવટિયાની ચોપડીઓ ના વાંચતો હોય ને આ શાસ્ત્રો વાંચે. શાસ્ત્રોમાંય ઈન્ટરેસ્ટ (રસ) પડે ને ! તે બહુ આનંદ થાય, પણ કશું વળે નહીં એમાં. સાચું આત્માનું સામાયિક કરો તો વળે. 'આત્મા' થઈને એક ફેરો 'આત્મા' બોલ્યો એટલે કલ્યાણ થઈ ગયું. આત્મા થઈને બોલવાનું. તમને એમ થઈ જાય કે હું 'આત્મા' થઈ ગયો, ત્યાર પછી તમારે બોલવાનું. એક જ મિનિટ જો 'આત્મા' થઈ જાવ તો પછી બહુ થઈ ગયું !

## આત્મરૂપ થવાય જ્ઞાની કૃપાએ

**પ્રશ્નકર્તા** : પણ એ આત્મરૂપ થવાય કેવી રીતે ?

**દાદાશ્રી :** એ 'જ્ઞાની પુરુષ' તો કો'ક ફેરો એકાદ હોય અને એની પાસે જ્ઞાન મળે ને, તો આત્માનુભવ થાય. 'જ્ઞાની પુરુષ' તો ચાહે સો કરી શકે. તમને રોકડો મોક્ષ આપી શકે, કારણ કે પોતે સંપૂર્ણ અકર્તા છે !

મોક્ષ તો અહીં રોકડો થવો જોઈએ. કોઈ કહે કે 'તમારો દેહ છૂટશે ને ત્યાં તમારો મોક્ષ થશે.' તો આપણે કહીએ કે 'ના, એવો ઉધાર મોક્ષ મને ના જોઈએ.' મોક્ષ તો રોકડો જોઈએ. અહીં જ સદેહે મોક્ષ વર્તાવો જોઈએ. તે આ અક્રમ જ્ઞાનથી રોકડો મોક્ષ મળી જાય ને અનુભવ પણ થાય એવું છે !

## સામાયિકથી વધે મનોબળ

**પ્રશ્નકર્તા** : દાદા, બીજું એ જાણવું છે કે રોજ સામાયિક કરવાથી શું ફાયદો થાય ?

**દાદાશ્રી :** હા, પણ પોતાની સમજણની સામાયિકને ? ભગવાને કહેલી સામાયિક નહીં ને ?

**પ્રશ્નકર્તા** : અમે ભગવાને કહ્યું છે એ પ્રમાણે જ કરીએ છીએ.

**દાદાશ્રી :** એ શીશી જો જો કરે, પડી કે નહીં પડી ?

**પ્રશ્નકર્તા :** એ તો જુએ ને, ટાઈમ પૂરો થયો કે નહીં ?

**દાદાશ્રી :** એવું જોવાનું ના હોય. એ તો આપણે જોઈએ ત્યારે શીશી ખલાસ થઈ ગયેલી હોય, ત્યારે જાણવું કે સામાયિક થઈ. સામાયિક મનોબળ વધે એટલા માટે છે. રોજ સામાયિક કરવાથી મનનું બળવાનપણું થાય અને આપણને પોતાની જાત ઉપર શ્રદ્ધા બેસે.

આ દેહ પાંસરો રહે. જરા લોહી-બોહી, ભ્રમણ-બ્રમણ બધું સારું રહે એનો ફાયદો થાય, નુકસાન તો જાય નહીં. સારા કાર્યમાં કોઈ વાતનું નુકસાન થાય નહીં.

## સામાયિકમાં કિંમત ભાવની, નહીં ક્રિયાની

એકવાર હું ટેબલ ઉપર ચા પીતો'તો અને બાજુમાં પંચોતેર વર્ષના શેઠ બેઠેલા. ત્યારે એ મને

કહે છે, 'તમારી ઝીણી વાત મને સાંભળવાની બહુ ગમે છે.' તે જરા ઝીણી વાતો કરું એમને. પછી એ સામાયિક કરતા'તા. ત્યાં પેલા રૂમમાં પ્યાલા ફૂટ્યા, તે શેઠને સંભળાયું. હું તો બહેરો (કાને ઓછું સંભળાય), તે મને ના સંભળાયું અને શેઠ તો સરવા કાનવાળા (એટલે) સંભળાયું. તે સામાયિક કરતા કરતા શેઠ કહે છે, 'શું ફૂટ્યું ?' મેં કહ્યું, 'તમારો આત્મા ફૂટ્યો.' આમાં બીજું શું ફૂટવાનું હતું ? નહીં તો સ્ત્રી પડે તો અવાજ થાય ? બીજું કંઈ ફૂટવાનું નથી, આ પ્યાલા જ ફૂટ્યા છે. એનો અવાજ થયો છે. તે સામાયિક કરતા કરતા શેઠ કહે છે, 'શું ફૂટ્યું?' તે આને સામાયિક કેમ કહેવાય ? પ્યાલા ફૂટી ગયા, તેમાં તેની કાણ ને મોંકાણ ? હજુ એવું બને ખરું બધે?

**પ્રશ્નકર્તા :** હા, ખરું.

**દાદાશ્રી :** એમ ? અને તે પ્યાલા પછી જીવતા થઈ જતા હશે ? કેમ ના થાય, આપણે સામાયિક છોડ્યું તો ?

**પ્રશ્નકર્તા :** સામાયિક કરતો હોય ને ધરતીકંપ થયો તો પણ સામાયિક ના છોડવી જોઈએ ને ?

**દાદાશ્રી :** એવી સામાયિક કોણ કરે છે ? એવી સામાયિક કોઈ કરે નહીં ને !

એટલે એ સામાયિક એ સાધારણ પ્રયોગ છે, દેહને સ્થિર કરવાનો. દેહ સ્થિર રહે તો સંસારમાં હિતકારી થાય, લક્ષ્મી ને બધું વધારે આવે. જેને ઘડીવાર દેહ જ સ્થિર ના રહે, તેને લક્ષ્મી શી રીતે આવે ? એટલે એ સામાયિક એ સાચું સામાયિક નથી.

(વ્યવહાર) આત્મા રાગ-દ્વેષ રહિત થયો એ સામાયિક. (વ્યવહાર) આત્મા સહજ થયો, સહજ સ્થિતિમાં થયો તે સામાયિક.

## એ નથી સાચું સામાયિક

કોઈ મહારાજ પ્રતિક્રમણ કરે, સામાયિક કરે, વ્યાખ્યાન આપે, પ્રવચન કરે, પણ એ તો એમનો આચાર છે. એ સ્થૂળકર્મ છે, પણ મહીં શું છે એ જોવાનું છે. મહીં જે 'ચાર્જ' થાય છે તે ત્યાં કામ લાગશે. અત્યારે જે આચાર પાળે છે એ 'ડિસ્ચાર્જ' છે. આખો બાહ્યાચાર જ 'ડિસ્ચાર્જ' સ્વરૂપ છે. ત્યાં આ લોકો કહે કે 'મેં સામાયિક કર્યું, ધ્યાન કર્યું, દાન કર્યું.' તે એનો જશ તને અહીં મળશે, તેમાં આવતા ભવને શું લેવાદેવા ? ભગવાન એવી કંઈ કાચી માયા નથી કે તારી આવી પોલને ચાલવા દે.

બહાર સામાયિક કરતા હોય ને મહીં શુંય કરતો હોય ! એક શેઠ સામાયિક કરવા બેઠા હતા, તે બહાર કોઈએ બારણું ઠોક્યું. શેઠાણીએ જઈને બારણું ખોલ્યું. એક ભાઈ આવેલા. તેમણે પૂછ્યું, 'શેઠ ક્યાં ગયા છે ?' ત્યારે શેઠાણીએ જવાબ આપ્યો, 'ઉકરડે !' શેઠે મહીં રહ્યા રહ્યા આ સાંભળ્યું ને અંદર તપાસ કરી તો ખરેખર એ ઉકરડે જ ગયેલા હતા ! અંદર મનમાં તો ખરાબ વિચારો જ ચાલતા હતા ને બહાર સામાયિક કરતા હતા. ભગવાન આવી પોલને ચાલવા ના દે. અંદર સામાયિક રહેતું હોય ને બહાર સામાયિક ના પણ હોય તો તેનું 'ત્યાં' (ભગવાન પાસે) ચાલે. આ બહારના ઠઠારા 'ત્યાં' ચાલે એવા નથી.

ભગવાન શું કહે છે ? અમે તારી ક્રિયાઓને નથી જોતા, એ તો ઉદયકર્મ કરાવે છે. પણ સામાયિક કરતા, પ્રતિક્રમણ કરતા તારું ધ્યાન ક્યાં વર્તે છે તેની જ નોંધ લેવામાં આવે છે. સામાયિક કરતો હોય અને ધ્યાન શીશીમાં હોય કે શિષ્ય પર ચિઢાયા કરતો હોય ને કહે કે 'મેં સામાયિક કર્યું !'

## કિંમત ધ્યાનની, ક્રિયાની નહીં

ભગવાન મહાવીરની સામે આચાર્ય મહારાજ બેઠેલા. તેમને જ્ઞાન આપેલું, માત્ર એક વ્યવસ્થિતનું જ જ્ઞાન નહીં આપેલું. તે આચાર્ય બરાબર

સામાયિકમાં બેઠેલા ત્યારે બીજા મહાત્માઓએ પૂછયું કે 'મહારાજ, આ આચાર્યની શી ગતિ થશે ?' ભગવાન બોલ્યા, 'અત્યારે દેવગતિમાં જશે.' પછી વળી થોડીકવાર રહીને કોઈકે પૂછયું કે 'મહારાજ, હવે અત્યારે આ આચાર્યની કઈ ગતિ થશે ?' ત્યારે ભગવાન બોલ્યા, 'અધોગતિમાં જશે.' ત્યારે પછી પંદર મિનિટ પછી કોઈકે પૂછયું કે 'અત્યારે હવે કઈ ગતિમાં જશે ?' ત્યારે ભગવાનને કહ્યું, 'હવે મોક્ષે જવાના છે.'

'ભગવાન આવું કેવું ? આ સંપૂર્ણ ધ્યાનમાં છે ને આવું કેમ ?' ત્યારે ભગવાને કહ્યું, 'અમને જે દેખાય છે તે તમને દેખાતું નથી અને તમને જે દેખાય છે તે અમે જોતા નથી. જુઓ, તે બેઠા હતા તો સામાયિકમાં પણ તેમનું ધ્યાન ક્યાં વર્તે છે, તે અમે જ જોઈ શકીએ. પહેલા ધ્યાનમાં દેવગતિનું ચિતરામણ હતું. બીજી વખતે નર્કગતિનું ચિતરામણ હતું. પછી તેણે સુંદર ચીતરવા માંડ્યું. મહીં ફોટા સારા પડવા માંડ્યા, તે મોક્ષે જાય તેવા હતા. ધ્યાન ઉપર ફળનો આધાર છે. ચીતરે છે પુદ્ગલ પણ તેમાં તમે પોતે તન્મયાકાર થયા, તો તે સહી કરી આપી. પણ તન્મયાકાર ન થાય ને જાગૃતિ રાખે ને જે ચિતરામણ થયું હોય તેને માત્ર જુએ ને જાણે તો તે ચિતરામણથી છૂટો જ છે.

દ્રવ્યક્રિયા તું કરે છે તે તો 'વ્યવસ્થિત શક્તિ' કરાવડાવે છે, એમાં તારું શું ? ભગવાન કહે છે કે 'અમે દ્રવ્યક્રિયા ધ્યાનમાં નથી લેતા.' આ કાળમાં દ્રવ્યનું ઠેકાણું જ નહીં, માટે ભાવ પાંસરો કરો તો આગળ ચાલશે.

## અપધ્યાનથી નખાય અવળા ભાવબીજ

ભગવાને કહ્યું છે કે 'જીવ માત્ર ચાર ધ્યાનમાં જ રહ્યા કરે છે. રૌદ્રધ્યાન, આર્તધ્યાન, ધર્મધ્યાન અને શુક્લધ્યાન.' શુક્લધ્યાન તો આ કાળમાં છે જ નહીં એમ શાસ્ત્ર કહે છે.

જે ધ્યાન રૌદ્ર-આર્ત અને ધર્મ ધ્યાનમાં સમાવેશ ના પામે તે અપધ્યાન. પહેલા તો અમુક લોકોને જ અપધ્યાન હતા, પણ હવે તો પટાવાળાને પણ અપધ્યાન રહે છે. દુર્ધ્યાન કરતાય અપધ્યાન ઊતરતું. અપધ્યાન આ કાળમાં જ ઉત્પન્ન થયું છે.

**પ્રશ્નકર્તા :** અપધ્યાન એટલે શું એ વિસ્તારથી સમજાવો.

**દાદાશ્રી :** અપધ્યાન એટલે જે ચારેય ધ્યાનમાં ના સમાય તે. ભગવાનના વખતમાં ચાર પ્રકારના ધ્યાન હતા. તે વખતમાં અપધ્યાન લખાયું નહોતું. જે વખતે જે અનુભવમાં ના આવે ને તે લખાય તો શું કામ આપે ? એટલે અપધ્યાન ત્યારે નહોતું લખાયું. આ કાળમાં એવા અપધ્યાન ઊભા છે. અપધ્યાનનો અર્થ હું તમને સમજાવું.

છૂટવા માટેના ધ્યાનને પદ્ધતિસર ના કર્યું તે અપધ્યાનમાં ગયું. સામાયિક કરે ને ધ્યાનમાં હોય કે 'મેં કર્યું' ને પાછો કહે પણ ખરો 'મેં કર્યું !' ને વળી આ સામાયિક કરતી વખતે શીશીમાં જો જો કરે કે 'હજી કેટલી બાકી રહી, હજી કેટલી બાકી રહી, ક્યારે પૂરી થશે, ક્યારે પૂરી થશે' એમ ધ્યાન સામાયિકમાં ના હોય પણ શીશીમાં હોય ! શીશી જુએ તે ધ્યાનમાં શી રીતે કહેવાય ? આને અપધ્યાન કહેવાય.

દુર્ધ્યાન હોય તો ચલાવી લેવાય. દુર્ધ્યાન એટલે વિરોધી ધ્યાન અને સદ્ધ્યાન મોક્ષે લઈ જાય. અને આ શીશી જો જો કરે એ તો અપધ્યાન કહેવાય. છતું નહીં, ઊંધું નહીં, પણ તીસરા જ પ્રકારનું ! શીશી જો જો કરે છે, એમાં એની દાનત શી છે ? એક માણસ ચિઢાયો અને એ પોતાના અહંકારને પોષવા ગામ બાળી મેલે ! પણ એય એક ધ્યાન કહેવાય. આ અપધ્યાનવાળાને તો પોતાના અહંકારની પડી ના હોય, પણ ધ્યાન કરે તે અપધ્યાન કરે

એટલે કે સંપૂર્ણ અનર્થકારક. નહીં પોતાના માટે કે નહીં માન માટે, બિલકુલ મીનિંગલેસ, અર્થ વગર. હેતુ વગર જે ક્રિયા કરવામાં આવે છે તે અપધ્યાન.

ભગવાને કહ્યું છે કે સામાયિક, પ્રતિક્રમણ, પ્રત્યાખ્યાન - જે આત્મહેતુક ક્રિયાઓ છે તે અમારી આજ્ઞા પ્રમાણે પાંસરો થઈને કરજે. થાય તો સામાયિક કરજે. બહુ ના થાય તો ઓછી કરજે પણ ચોક્કસ કરજે, બરોબર કરજે.

આ તો સામાયિક કરે ને શીશી જુએ ! સામાયિક કરે પણ શીશી જો જો કરે તો અવળું ભાવબીજ નાખે છે.

## ક્રિયા વખતે ધ્યાન ક્યાં વર્તે ?

**પ્રશ્નકર્તા** : કોઈએ સો નવકારવાળી ગણવાની કહી હોય, તો એ ક્યારે સો પૂરી થાય એના ધ્યાનમાં હોય.

**દાદાશ્રી** : હા, ત્યાં ઉતાવળમાં જ હોય. સામાયિકમાંય છે તે પેલી શીશીને જ જોયા કરે ! પછી પૌષધ બોલે, તે પણ શું કરવાનું ત્યાં ઉપાશ્રયમાં રહીને ? બીજી નાતવાળા કહેશે, 'આપણે બળદને પાણી પાવા જઈએ છીએ, તો પોષો પોષો કહીએ છીએને, તેવું આ પાણી પાઈ આવ્યા.' પૌષધ-વ્રત એટલે આત્માને પોષવાનો. એટલે ઘેરથી ત્યાં ઉપાશ્રયમાં રહીને સાધુ જીવન જીવે, તે ઘડીએ આત્માને પોષે. પેલો બધો વ્યવહાર બાજુએ મૂકી દેવાનો.

**પ્રશ્નકર્તા** : પૂજા-સેવા કરીએ એ ધર્મધ્યાન કહેવાય ને ?

**દાદાશ્રી** : ના, એને ધર્મધ્યાન ના કહેવાય. પૂજા-સેવા કરતી વખતે તમારું ધ્યાન ક્યાં વર્તે છે તે જોવાય છે. ભગવાન ક્રિયા જોતા જ નથી, પણ ક્રિયા વખતે ધ્યાન ક્યાં વર્તે છે તે જુએ છે.

સામાયિક કરતા હો, માળા ફેરવતા હો પણ ધ્યાન જો બીજે ગયું હોય તો એ ક્રિયાનું ફળ નથી જોવાતું, પણ તે વખતે જે ધ્યાનમાં પોતે વર્તતા હોય તે જ જોવામાં આવે છે.

**પ્રશ્નકર્તા** : અત્યારે તો ક્રિયા બહુ કરાવે છે.

**દાદાશ્રી** : હા, એ ક્રિયાનું ફળ સંસાર છે. કોઈ પણ ક્રિયાનું ફળ મોક્ષ નથી. 'હું કરું છું' એ ભાનથી તો સંસારમાં આગળ કર્મ બંધાતા જાય. પછી ગમે તે કરતા હોય, 'હું કરું છું' એ ભાન સાથે કે જપ કરું છું કે તપ કરું છું, ક્રિયાકાંડ કરું છું, ફલાણું કરું છું, સામાયિક કરું છું, પડકમણા.. આ બધા સામાયિક, પડકમણા એ ક્રિયાકાંડ કહેવાય. એક જ સામાયિક ભગવાનનું કર્યું હોય ને, બહુ થઈ ગયું. અહીંયા આગળ અમે કરાવીએ છીએ એવું સામાયિક.

## જેમાં ધ્યાન રહે એ કામનું

**પ્રશ્નકર્તા** : અમે સામાયિક કરીએ છીએ, પ્રતિક્રમણ કરીએ છીએ, ક્રિયાઓ બધી જ કરીએ છીએ પણ એમાં ધ્યાન રહેતું નથી.

**દાદાશ્રી** : એમાં ધ્યાન ના રહે તો કામનું શું એ ? ધ્યાન રહે તો કામનું ને ના ધ્યાન રહે તો કામનું નહીં. તમારું ધ્યાન શેમાં રહે છે ?

**પ્રશ્નકર્તા** : સંસારમાં જતું રહે છે.

**દાદાશ્રી** : સંસારમાં પણ શું ગમે છે ? અહીંથી જતું હોય તો બીજી જગ્યાએ બેસે તો ખરું જ ને પણ ? તમારું મન શેમાં બેસે છે ?

**પ્રશ્નકર્તા** : કામ કરતા હોઈએ, ઘરમાં કંઈક કામકાજ હોય એમાં જતું રહે.

**દાદાશ્રી** : તો એ કામ કરવું આપણે. જ્યાં ધ્યાન બેસે તે કામ કરવું. જ્યાં ના બેસે એને શું કરવાનું ? મહેનત બધી નકામી જાય ને કશું વળે નહીં.

## જેની કિંમત વધારે ત્યાં ચિત્ત જાય

**પ્રશ્નકર્તા :** આ રોજ નિશ્ચય લીધો છે કે રોજ ક્રિયા કરવી, તો પછી એનું શું થાય ?

**દાદાશ્રી :** નકામું જાય, એ બધી મહેનત નકામી જાય. થોડી મહેનત કરો પણ કામમાં લાગે એવી કરો અને તમે સંસારમાં સારી રીતે રહો ને !

સામાયિક કરો એમાં. સંસારમાં છોકરાંને સારી રીતે મોટા કરવા, એને વઢવું નહીં, ઝઘડવું નહીં, એની જોડે ક્રોધ ના કરવો એ બધું સામાયિક જ છે ને ! તમારા છોકરાની જોડે સામાયિક કરો. ધણી જોડે સામાયિક કરો, સાસુ જોડે સામાયિક કરો, જેઠાણી જોડે સામાયિક કરો, એ બધી સામાયિક કરો ને ! આ સામાયિક કરીને શું કામ છે તે ? જો મન રહેતું હોય તો સામાયિક કરેલું કામનું. મન રહે નહીં ને સામાયિક કરો તો શું કામનું ?

**પ્રશ્નકર્તા :** પણ આ રોજની ક્રિયા હોય એટલે રોજ ક્રિયા કર્યા જ કરીએ ને ?

**દાદાશ્રી :** હા, પણ ક્રિયા કરવામાં મહીં મન ના રહેતું હોય તો પછી કરવાની શી જરૂર છે ? ચિત્ત ઠેકાણે રહેવું જોઈએ ને ?

**પ્રશ્નકર્તા :** ચિત્ત નથી રહેતું.

**દાદાશ્રી :** તો શું કરશો ?

**પ્રશ્નકર્તા :** એ તમારી પાસે માગવા આવ્યા છીએ.

**દાદાશ્રી :** હા, એટલે વહાલું નથી આ ! ગમતું નથી આ ! છોકરાં ને એ બીજું બધું ગમે છે. જેમાં ગમે ત્યાં ચિત્ત જાય. છોકરાંની કિંમત કાઢી નાખો, ઓછી કરી નાખો ને આની કિંમત વધારી દો તો કંઈ રાગે પડે, નહીં તો શી રીતે રાગે પડે ?

જો સામાયિક કરવી જ હોય તો પસ્તાવાની જ સામાયિક કરો ને ! શું પસ્તાવાનું ? જેના જેના ખોટા પૈસા લીધા તેનો પસ્તાવો કરો. જ્યાં જ્યાં દૃષ્ટિ બગાડી હોય તેનો પસ્તાવો કરો.

**પ્રશ્નકર્તા :** તો સામાયિકમાં નવકારવાળી નહીં ગણવાની ?

**દાદાશ્રી :** બળ્યું, નવકારવાળી ગણીને તો આ દશા થઈ છે ! એકુંય નવકાર સાચો ગણ્યો નથી. એ કોનું આપેલું હોય તે જોવાનું કે નહીં ?

## સામાયિક એટલે આરંભ-પરિગ્રહ રહિત

સામાયિક એટલે આરંભ રહિત. એક કલાક આરંભ-પરિગ્રહથી રહિત થવું એ સામાયિક અને આરંભ શબ્દ બોલે ખરા લોકો, પણ શું સમજે એ લોકો ? બોલે ખરા સમારંભ, પણ સમારંભ એટલે શું એય ના સમજે. મોટા-મોટા પંડિતોય ના સમજે. કઈ ડિગ્રી સુધી સમારંભ કહેવાય છે ને પછી કઈ ડિગ્રી આરંભ કહેવાય છે, એ ડિગ્રી જાણે નહીં. એ શબ્દ બોલે એટલું જ. શબ્દો શાસ્ત્રોના જ છે.

**પ્રશ્નકર્તા :** કર્મબંધન સમરંભથી પણ થાય ?

**દાદાશ્રી :** સમરંભ એ જ કર્મ. એ પહેલું કર્મ, એ માનસિક કર્મ કહેવાય. સમારંભને મન ને વચન બેનું કર્મ કહેવાય અને આરંભ એ મન-વચન-કાયા ત્રણનું કર્મ કહેવાય. અને આ જ્ઞાન લીધા પછી તમે કોઈને ગાળ દઈ આવો ને એવો આરંભ કરી આવો તોય તમને અડે નહીં, એવું આ વિજ્ઞાન છે ! ફક્ત પેલું ગાળ દીધા બદલ સામાને દુઃખ થયું માટે તમારે ચંદુભાઈને કહેવું પડે, 'આ અતિક્રમણ કેમ કર્યું ? માટે પ્રતિક્રમણ કરો.' આટલું જ આપણે કરવાનું. આપણે દુઃખ દેવાનો ભાવ છે જ નહીં. કોઈને દુઃખ દઈને આપણે મોક્ષે જઈએ એવું બને નહીં, ગમે એવું વિજ્ઞાન આપણી પાસે હોય તોય.

**પ્રશ્નકર્તા :** સમરંભથી કર્મબંધન થાય તે ઓછું હોય અને ત્રણેયનું ભેગું થાય ત્યારે વધારે હોય ?

**દાદાશ્રી :** સમરંભ જ ઓછું કહેવાય ને ! સમરંભ એટલે એકલું મનથી જ. ભેગું થાય ત્યારે બહુ મોટું કર્મ કહેવાય. તેથી એને આરંભ કહ્યું ને ભગવાને.

**પ્રશ્નકર્તા :** મનથી કર્મ કરીને પછી ત્યાંથી અટકી ગયો તો એ બહુ બંધનમાં ના પડે ?

**દાદાશ્રી :** બહુ રહે નહીં. પછી ખાલી વિચારે કરીને છૂટી જાય.

**પ્રશ્નકર્તા :** એ આરંભ-પરિગ્રહની શાસ્ત્રમાં મર્યાદા બાંધવાની કહી છે, તો એ બાંધે તો શું ફરક પડે અને ના બાંધે તો શું ફરક પડે ?

**દાદાશ્રી :** બાંધે તો આ કર્મ ઓછું આવે. આ ભવમાં બાંધે તો આવતા ભવમાં કર્મ ઓછું આવે. એમ કરતા કરતા, (મર્યાદા) બાંધતા બાંધતા, ઓછું કરતા કરતા ઉપર ચઢ્યા કરે.

## સાચી સામાયિકથી મોક્ષ

**પ્રશ્નકર્તા** : સામાયિક-પ્રતિક્રમણ એ બધું ધર્મધ્યાન કરવાથી મોક્ષનો માર્ગ મળે ?

**દાદાશ્રી :** મળે, પણ અત્યારે જે ચાલે છે એ સામાયિક ને પ્રતિક્રમણથી ના મળે. આ તો સાચો માલ ન હોય. સાચું સામાયિક હોય તો એક જ સામાયિક કરે તો મોક્ષ થાય. અત્યારે એમાં કોઈનો દોષ નથી, આ કાળનો સ્વભાવ એવો છે.

**પ્રશ્નકર્તા** : આપણે ખોટું સામાયિક કરીએ છીએ તે ખબર કેમ પડે ? આપણે તો સાચું કરીએ છીએ એ આશયથી જ કરતા હોઈએ ને ?

**દાદાશ્રી :** આત્મા ઓળખ્યા પછી સાચું સામાયિક થાય. ત્યાં સુધી સાચું સામાયિક થાય નહીં. ત્યાં સુધી મન સ્થિર કરવાનું સાધન ખરું, દેહને સ્થિર કરવાનું સાધન. એ બધા લૌકિક સામાયિક ! અને આ અહીં અલૌકિક સામાયિક, જે 'વ્યવહાર આત્મા'ને સ્થિર કરવા માટેનું છે. આપણે અહીં જ્ઞાન આપ્યા પછી 'વ્યવહાર આત્મા'ને સ્થિર કરી શકાય ને ! જાણ્યા વગર શી રીતે બને ? આપણે અહીં જ્ઞાન આપ્યા પછી, એ 'વ્યવહાર આત્મા'ને સ્થિર કર્યા કરે. અહીં આગળ જાગૃતિ બહુ હોય ને ત્યાં (લૌકિકમાં) જાગૃતિ જ ના હોય.

## જે સ્વભાવથી ચંચળ તે કેમ થાય સ્થિર ?

આ અત્યારે જે આને 'આત્મા' માની બેઠા છે ને, એ તો 'મિકેનિકલ આત્મા' છે. એ સાચો આત્મા નથી અને એને જ સ્થિર કરવા માગે છે. અલ્યા, આ તો 'મિકેનિકલ' છે, સ્થિર થાય જ નહીં.

**પ્રશ્નકર્તા** : આ ના સમજાયું.

**દાદાશ્રી :** આ જે 'વ્યવહાર આત્મા' છે ને, એ 'મિકેનિકલ આત્મા' છે. 'મિકેનિકલ ચેતન' એટલે જે ખાય-પીએ, શ્વાસ લે છે એ. ક્રમિક માર્ગમાં 'મિકેનિકલ આત્મા'ને જ આત્મા માનેલો છે. 'મિકેનિકલ ચેતન'ને જ આત્મા માનવામાં આવે છે.

હવે 'મિકેનિકલ આત્મા'ને પોતાનો આત્મા માની લે તો ક્યારે પત્તો પડે ? તેથી જ હું કહું છું ને કે આત્મા શું છે એ જગતે જાણ્યું જ નથી. અને જે નથી આત્મા ત્યાં જ આરોપ કરેલો છે કે આ વિચારે છે તે આત્મા છે, આ હાલે છે, ચાલે છે, બોલે છે, કામ કરે છે, કૂદે છે, હસે છે, ગાય છે, ખાય છે, પીવે છે, વેપાર કરે છે, લડે છે, ઊંઘે છે, એ આત્મા છે. સામાયિક કરે છે, જપ કરે છે, તપ કરે છે, ધર્મધ્યાન કરે છે, દેવદર્શન કરે છે, એ આત્મા

છે એવું આ લોકો કહે છે. તો મારું શું કહેવાનું કે ત્યાં આગળ આત્મા બિલકુલેય છે જ નહીં. હવે જ્યાં મેળમાં જ આટલી બધી મોટી ભૂલો થાય છે, એ રોજમેળનું સરવૈયું આવે ખરું?

આ મિકેનિકલ આત્મા ચંચળ સ્વભાવનો છે. એનો સ્વભાવ જ ચંચળ છે. એને સ્થિર કરશો તો મૂર્ખ બનશો.આ મિકેનિકલ આત્મા સ્થિર નહીં થાય. આત્મા જાણ્યા પછી સામાયિક કર તું.

**પ્રશ્નકર્તા :** જેનામાં સ્થિરતા ગુણ નથી એ સ્થિર ક્યાંથી થાય એમ?

**દાદાશ્રી :** એને સ્થિર નથી કરવાનો. એ તો ખાલી અભ્યાસ જ કરવાનો છે કે મન સ્થિર રહે છે કે નહીં ? એટલે જોવાનું જ છે. એ મનને સ્થિર કરવા માટે આ સામાયિક કરીએ તો ઘડીવાર આ દેહ તો પાંસરો રહે, ઘડીવાર મન પાંસરું રહે. સાધારણ એને સ્થિરતામાં રાખવા માટે જ.

## ન લેશો ઉદયકર્મનો ગર્વ

આખું જગત પ્રાકૃત ગુણોમાં જ છે. આખું જગત ભમરડા છાપ છે. આ તો સામાયિક-પ્રતિક્રમણ પ્રકૃતિ કરાવે અને પોતાને માથે લે છે ને કહે છે કે 'મેં કર્યું!' તે ભગવાનને પૂછે તો ભગવાન કહે કે 'આ તો તું કાંઈ જ કરતો નથી.' આ કોઈ દિવસ પગ ફાટતો હોય તો કહે, 'હું શું કરું ?'

કોઈ કહે કે 'આજે મેં ચાર સામાયિક કર્યા ને પ્રતિક્રમણ કર્યા ને બે કલાક શાસ્ત્રો વાંચ્યા.' તેય મૂઆ, પ્રકૃતિ કરાવે છે ને તું કહે છે કે 'મેં કર્યું.' જો તું જ સામાયિકનો કર્તા હોઉં તો બીજે દહાડે પણ કર ને ! ત્યારે બીજે દહાડે કહે કે 'આજે તો મારાથી નથી થતું' અને કાલે 'મેં કર્યું' એમ બોલેલો, તે કેટલો મોટો વિરોધાભાસ ! જો કરનારો તું જ હોઉં તો ક્યારેય 'નથી થતું' એમ બોલાય જ નહીં. 'નથી થતું' એનો અર્થ જ એ કે તું કરનારો નથી. આખું જગત આવી ઊંધી સમજણથી અટક્યું છે. ત્યાગ કરે છે તેય પ્રકૃતિ કરાવે છે ને ગ્રહણ કરે છે તેય પ્રકૃતિ કરાવે છે. આ બ્રહ્મચર્ય પણ પ્રકૃતિ પરાણે પળાવે છે, છતાં કહે છે કે હું બ્રહ્મચર્ય પાળું છું. કેટલો મોટો વિરોધાભાસ !

પ્રકૃતિ પરાણે કરાવે છે ને કહે છે કે 'મેં કર્યું !' અને તેથી તો એ આવતા અવતારનું બીજ નાખે છે. આ તો ઉદયકર્મથી થાય અને એનો ગર્વ લે. આ ઉદયકર્મનો ગર્વ લે, એને સાધુ શી રીતે કહેવાય ? સાધુ મહારાજોની એક ભૂલ, કે જે ઉદયકર્મનો ગર્વ લે છે. જો એ ભૂલ થતી હોય અને તેટલી એક ભૂલ જ જો ભાંગે તો તો કામ જ થઈ જાય. ઉદયકર્મનો ગર્વ મહારાજને છે કે નહીં એટલું જ જોવાનું હોય, બીજું બહારનું કશું જ જોવાનું ના હોય. એમને બીજા કષાયો હશે તો ચાલશે પણ ઉદયકર્મનો ગર્વ ના હોવો જોઈએ.

ભગવાન મહાવીરે કહ્યું છે કે 'ઉદયકર્મનો ગર્વ ના કરે તો તે અમારા દર્શન પામશે.' આ ગર્વ કરે ને દર્શન પામે (એવું જે માને), એ ક્યારેય નહીં પામે. આ (ક્રમિકમાં લોકોને) સામાયિક ઉદયકર્મ કરાવે છે.

## કરે છે સંજોગો, પોતે માને 'મેં કર્યું'

ગર્વ એટલે શું ? તમને સમજાવું. કોઈ આપણને કહે, 'મેં ચાર સામાયિક કરી.' તે ઘડીએ એના મોઢા પર આમ ખૂબ આનંદ દેખાતો હોય અને આપણે પૂછીએ, 'આણે કેટલી સામાયિક કરી ?' ત્યારે એ કહે, 'એનાથી થતી નથી. એક જ કરી છે એણે.' એટલે આપણે સમજીએ કે એ ભાઈને સામાયિક કરવાનો ઈગોઈઝમ છે એટલે બીજાનો દોષ કાઢે છે, 'એ એક જ કરે છે અને હું ચાર કરું છું.'

પછી આપણે પૂછીએ, 'સાહેબ, ચાર સામાયિક તમે કરી ?' ત્યારે એ કહે, 'બીજું કોણ

કરનાર ? હું જ કરનારો ને !' ત્યારે આપણે સમજીએ ને, કે આને કેટલો કેફ છે ! મનમાં પોતાની જાતને શુંયે માની બેઠો હોય ! પછી બીજે દહાડે આપણે કહીએ, 'કેમ, આજે કેટલી સામાયિક કરી ?' ત્યારે એ કહે, 'આજે તો પગ દુઃખે છે, નથી કરી.' નહીં તો કહે, 'મારું માથું દુઃખે છે.' તો કાલે સામાયિક પગે કરી હતી કે તમે કરી હતી ? કોણે કરી હતી ? જો તમે કરી હોય તો પગનું બહાનું ના કાઢશો. આ તો પગ પાંસરા છે, માથું પાંસરું છે, પેટમાં દુઃખતું નથી તેથી સામાયિક થયું. બધું રેગ્યુલર (નિયમસર) હોય, બધા સંજોગો પાંસરા હોય ત્યારે થાય છે.

એટલે આ તો પગ પાંસરા જોઈએ, મન પાંસરું જોઈએ, બુદ્ધિ પાંસરી જોઈએ, તે બધા સંજોગ પાંસરા હોય ત્યારે સામાયિક થાય. અને અહંકારેય પાંસરો જોઈએ. અહંકારેય તે ઘડીએ પાંસરો ના હોય તો કાર્ય ના થાય. જો નક્કી કર્યું હોય કે આજે આટલો વખત સામાયિક કરવું છે, તે માથું દુઃખી આવે કે પેટમાં ચૂંક આવે. તે એટલુંય ના કરવા દે. મગજ પાંસરું જોઈએ. અરે ! જગ્યાય પાંસરી જોઈએ. જગ્યા સારી ના હોય તોય ના થાય. એટલે આ બધું ભેગું થાય ત્યારે કાર્ય થાય.

તેમાં તમે એકલા શું કરવા માથે લો છો ? એટલે આ પરસત્તાએ કર્યું, એમાં તમારું શું ? એવું માથે લે કે ના લે ? પણ આ તો 'ઈગોઈઝમ' (અહંકાર) કર્યા કરે છે ખાલી. કરે છે આ બધું 'સાયન્ટિફિક સરકમસ્ટેન્શિયલ એવિડન્સ' પણ 'પોતે' કહે છે, 'હું કરું છું' તે ગર્વરસ ! અને ગર્વરસ ચાખવાની ટેવ છે ને, ત્યાં સુધી આ સંસાર ઊભો રહે છે. વાત તો સમજવી પડશે ને ? એમ ને એમ કંઈ ગપ્પું ચાલે ?

સામાયિકના કર્તા તમે નથી, પ્રતિક્રમણના કર્તા તમે નથી. આ તો ઉદયકર્મ કરાવે છે અને આ બધા લોકો અણસમજણથી કહે છે, 'મેં કર્યું, હું કરું છું.' એ બધું અજ્ઞાન પેસી ગયું છે.

પાંચ સામાયિક કરે તો કહે, 'મેં પાંચ કરી' એમ કરીને ગર્વરસ લે. ખરી રીતે શું કહેવું જોઈએ કે 'ભગવત્ કૃપાથી પાંચ સામાયિક થઈ. એનો ગર્વરસ ના લેવાય.

સામાયિક ના કરે ને એ ડાહ્યા દેખાય અને આ સામાયિક કરે છે ને મનમાં કેફ વધે કે મેં સામાયિક કર્યું, આ પડકમણું કર્યું. તેમાં કશુંય ધોળ્યું ના હોય. ભગવાનની એક પણ ક્રિયા એવી નથી કે જેનાથી કેફ ચડે. કેફ ઉતરી જાય એવી ક્રિયાઓ છે બધી. સામાયિક શબ્દ બોલતા જ, સામાયિક કરવા ગયા ને, ત્યાં જ કેફ ઊતરી જવો જોઈએ.

## ગર્વરસથી ઊપજે તિરસ્કાર

**પ્રશ્નકર્તા :** પણ આ તો બધું જન્મથી જ લઈ આવેલા હોય ને ?

**દાદાશ્રી :** હા, જન્મથી જ લઈ આવેલા છે. પણ એ ભાન નથી રહેતું ને ! અને ગર્વરસ ચાખ્યા જ કરે છે. ગર્વરસ ચાખવાનો 'એને' બહુ ગમે છે. 'મેં ચાર સામાયિક કરી' કહેતાની સાથે આમ 'ટાઈટ' થઈ જાય. 'મેં બે કરી, પેલાએ એકુંય ના કરી' એ સ્પર્ધા. અલ્યા મૂઆ, કઈ જાતનો છે આ ? સામાયિકમાંય હરિફાઈ ? રેસકોર્સ છે આ ? પણ સામાયિક સમજતા જ નથી. સામાયિક શેને કહેવું તે જ સમજતા નથી ને.

એક સામાયિક કરી હોય તેની પર જરા દયા ખાય અને કહે, 'આનાથી બિચારાથી થતું નથી.' પહેલી એને દયા આવે ને પછી તિરસ્કાર આવે. એટલે ગર્વરસથી ઊભું રહ્યું છે, તે આપણી જ ભૂલ છે ને ? તેમાં ભગવાન શું કરે ? તેથી કૃપાળુદેવે કહ્યું,

'દસ વર્ષે રે ધારા ઉલ્લસી, મટ્યો ઉદયકર્મનો ગર્વ રે !'

આ ઉદયકર્મનો ગર્વ એ શું, એવું સમજે

એકુંય માણસ ? હિન્દુસ્તાનમાં કયો માણસ સમજી શકે આને ? એ તો અમે ફોડ પાડીએ ત્યારે સમજાય.

ઉદયકર્મ એટલે 'આ ઉદય કરે છે અને હું નથી કરતો આ સામાયિક', તો એને ગર્વ નથી. પણ આ લોક તો ગર્વરસ ચાખ્યા વગર રહે નહીં ને ! ચાખે કે ના ચાખે ?

## સંસાર ઊભો રહ્યો ગર્વરસથી

એ તો એવું માને છે કે ''સામાયિક, જપ, તપ, યોગ 'હું' જ કરું છું. 'હું' જ આત્મા છું ને 'હું' જ આ કરું છું.'' હવે 'કરે છે' શબ્દ આવ્યો ત્યાંથી એ મિથ્યાત્વ છે ! 'કરોમિ, કરોસિ ને કરોતિ' એ બધું મિથ્યાત્વમાં છે !

એ ગર્વરસ ચાખવાથી જ કેફ ચઢ્યા કરે. પછી બહુ કેફી થઈ જાય. તે કેફ શી રીતે ઉતરે હવે ? મોહનો કેફ જે ચઢેલો, તે શી રીતે ઉતરે ? ખોટ આવે છે તેય ફરજિયાત છે અને નફો આવે છે તેય ફરજિયાત છે. પણ નફો આવે ત્યારે કહે, 'હું કમાયો' અને ખોટ ગઈ ત્યારે કહે, 'ભગવાને ઘાલી, માય સ્ટાર્સ આર નોટ ફેવરેબલ. (મારા ગ્રહો સારા નથી.)'

એટલે આ ગર્વરસ ચાખવો છે. એ એક જાતનો એવો મીઠો રસ છે. એ ગર્વરસ ચાખવો છે અને ગર્વરસને લઈને જ આ સંસાર ઊભો રહ્યો છે. વ્યસનને લીધે, બીડીઓને લીધે કે ચાને લીધે આ સંસાર ઊભો નથી રહ્યો, પણ આ ગર્વરસને લઈને ઊભો રહ્યો છે. આ રસ એકલો જ એવો છે કે કોઈને છોડવાનો ગમતો નથી.

ગર્વ લેવાથી શું થયું ? કે ગળા પકડાયા. મોક્ષનું તો ક્યાં ગયું, પણ મોક્ષમાં લાખ અવતારના તેં અંતરાય પાડ્યા ! સામાયિકનો ગર્વ કર્યો માટે ! સંસારનોય ગર્વ થાય. તે કહે, 'અમે ફલાણી જગ્યાએ ગયા.' ઓહોહો ! ત્યાં જવાનોય ગર્વ લીધો ! અને જાણે કશું કમાઈ ગયા ના હોય ! જાણે ચિંતા-ટાઢ ઊડી ગઈ ના હોય ! એ ગર્વ કહેવાય.

તેથી આ લોકોએ કહ્યું છે કે 'યહી ગલેમેં ફાંસી.' 'આ સામાયિક કરી, પ્રતિક્રમણ કર્યું, આ મેં ત્યાગ્યું', એ બોલ્યા એ તમારા ગળામાં ફાંસી છે. તે ગર્વરસ ચાખ્યા !

## જ્ઞાની પુરુષ હોય ગર્વ રહિત

હવે સત્ પુરુષને ગર્વ નથી, એટલે શું ? એ એમના હાથે ગમે એટલી શાંતિ આપે તોય એમને એવો ગર્વ નથી કે 'હું આપું છું, હું આ શાંતિ આપું છું.' એ એમ જાણે કે 'હું તો નિમિત્ત છું અને એના ઘરની શાંતિ એને ઉઘાડી આપું છું.'

એટલે ગર્વ ના હોય કોઈ ચીજનો. કારણ કે અહંકાર જ ના હોય તો ગર્વ ક્યાંથી હોય ? જ્યાં અહંકાર હોય, ત્યાં ગર્વ હોય જ. એટલે એમને ગર્વ નથી.

હવે એ ગર્વ અમારી પાસે ના હોય. કોઈ ક્રિયા 'મેં કરી છે' એવું અમારામાં ના હોય. હવે આના (ક્રિયાના) કર્તાનો રસ ચાખે છે તેથી જીવાય છે આ લોકોથી. અત્યારેય શાસ્ત્રોના મોટા મોટા વાંચનારા હોય, પણ 'મેં કર્યું' એના આધારે જીવે છે, એની મસ્તીમાં !

આ ગર્વરસ આગળ એને બીજું કશું ગમતું નથી. ગર્વરસ બહુ ગમે છે એને. કહે, 'મેં ત્યાગ કર્યો. સ્ત્રીનો ત્યાગ કર્યો. કરોડો રૂપિયા છોડીને આવ્યો છું, તે મોક્ષને માટે જ આવ્યો હોઈશ ને !' ત્યારે મેં કહ્યું, 'શેને માટે એ તો તમે જાણો. તમને હજુ કયો રસ ચાખવાનો ગમે છે, એ શું ખબર પડે ?' આ રૂપિયાનો રસ ના ગમ્યો, પણ બીજા તો જાતજાતના રસ હોય છે ને જાતજાતની કીર્તિઓ

હોય છે.' જ્યાં સુધી ગર્વરસ ચાખે છે, ત્યાં સુધી મોક્ષની વાતો કોઈએ કરવી નહીં.

દારૂડિયાને તો આપણે પાંચ-સાત ડોલો પાણી રેડીએ તો કેફ ઉતરે કે ના ઉતરે ? પછી બિચારો શું કહે કે 'સાહેબ, મારા જેવો મૂરખ કોઈ છે નહીં. હું કશું સમજતો નથી. અને સાહેબ, મને મારવો હોય તો મારો, પણ મને કંઈક આપો !' તો હું પહેલો એને મોક્ષ આપું. કારણ કે મોક્ષ આપવાને એ લાયક થયો કહેવાય. આટલી જ લાયકાત મોક્ષ લેવાને માટે જોઈએ!

## આત્મા એક જાણવા જેવી ચીજ

જેમ બહુ થાકેલો માણસ થાક ખાવા બેસે તેથી કાંઈ કાયમ બેસી રહે ?

**પ્રશ્નકર્તા** : ના.

**દાદાશ્રી :** એવું છે આ. આ સામાયિક એ તો થાક જેવું છે. બાકી આ તો મશિનરી રાત-દહાડો ચાલુ જ હોય. અને આ (જ્ઞાન લીધેલ મહાત્માઓ) નિરંતર સામાયિકમાં રહે છે ! એક ક્ષણ સામાયિકની બહાર નહીં. આ સંસારમાં ઘેર બેઠા, બૈરાં-છોકરાં વચ્ચે રહીને નિરંતર સામાયિકમાં રહે છે !

અને 'આત્મા' એ જ સામાયિક છે. બીજું બધું આ સામાયિક, 'વ્યવહાર સામાયિક' છે. સાચું સામાયિક પ્રાપ્ત કરવાના હેતુ માટે આ 'વ્યવહારિક સામાયિક' કરવાનું છે. એ વ્યવહારિક સામાયિકેય સાચા પુરુષનું આપેલું હોવું જોઈએ.

**પ્રશ્નકર્તા** : સાચા પુરુષની વ્યાખ્યા શું ?

**દાદાશ્રી :** સાચા પુરુષ એટલે, દા.ત. આ થાણા જિલ્લાના કલેક્ટરે તમને કંઈક ઓર્ડર લખી આપ્યો હોય કે આટલી જમીન તમને સુપ્રત કરવામાં આવે છે. હવે એ તો ખરેખર કલેક્ટર છે જ, પણ કલેક્ટર ના હોય ને તેની પાસે લખેલો ઓર્ડર (હુકમ) હોય તો ? નીચે કલેક્ટર લખીને સિક્કો મારેલો હોય અને કલેક્ટર ના હોય તો ? ત્યાં ચાલે નહીં, આગળ ચાલે નહીં. એવી રીતે આ જે કલેક્ટરો બધા સામાયિક લખી આપે છે ને, તે સાચા પુરુષો નથી.

એટલે જાણવા જેવી ચીજ આ જગતમાં કોઈ પણ હોય તો તે આત્મા છે અને આત્મા જાણનારા માણસો (આત્મજ્ઞાની) આ દુનિયામાં ભાગ્યે જ એક કે બે હોય. એટલે કોઈ આત્મા જાણી શકે નહીં. માણસ બીજું બધું જ જાણી શકે, પણ આત્મા જાણી શકે નહીં. અને આત્મા જાણે ને, એને કેવળજ્ઞાનની વાર જ નથી.

## આત્મા જણાય જ્ઞાની પાસે

હવે એ આત્માને 'જ્ઞાની પુરુષ' પાસેથી જાણે તો આત્મા પ્રાપ્ત થાય, નહીં તો આત્મા કોઈ કાળેય પ્રાપ્ત થાય નહીં. 'જ્ઞાની પુરુષે' આત્મા જોયેલો હોય, જાણેલો હોય, અનુભવેલો હોય અને 'પોતે' 'આત્મા' સ્વરૂપે જ રહેતા હોય. એટલે એવા 'જ્ઞાની પુરુષ' પાસેથી 'પોતે' 'આત્મા' જાણે ત્યારે કામ થાય.

'જ્ઞાની પુરુષ'ની પાસે એવો આત્મા જાણવા બેસે ત્યારે 'જ્ઞાની પુરુષ'ના (એક કલાકના) સામાયિકથી પાપો ભસ્મીભૂત થાય. અને પાપો ભસ્મીભૂત થાય તો જ આત્મા લક્ષમાં બેસે, નહીં તો લક્ષમાં ના બેસે. પછી તે લક્ષ નિરંતર રહે, નહીં તો દુનિયાની કોઈ ચીજ નિરંતર યાદ જ ના રહે. થોડીવાર યાદ આવે ને પછી પાછું ભૂલી જવાય.

## એકાત્મવૃત્તિથી આત્મામાં સુખની શ્રદ્ધા

**પ્રશ્નકર્તા :** સામાયિક કરીએ તો જ આપણામાં એકાગ્રતા કે ધ્યાન આવે ને ? આપણે બેસીએ નહીં ક્રિયા કરવા તો કેવી રીતે ધ્યાન આવે ? તો એમ કહે ક્રિયા પહેલા હોય, તો પહેલા ધ્યાનમાં એકાગ્રતા લેવી જોઈએ ?

**દાદાશ્રી :** શુદ્ધાત્માના લક્ષ સાથે સામાયિક-ધ્યાન હોય, જો ત્રણેયની એકાત્મવૃત્તિ હોય તો સાચું. મન-વચન-કાયા એકાત્મ હોય તો સાચું, નહીં તો બધું ખોટું. બધા આવા કેટલાય (સામાયિક) ખોટા ગયા ને ખોટા કર્યા !

**પ્રશ્નકર્તા :** તો સામાયિક કરવા ન બેસવું જોઈએ તે વખતે ?

**દાદાશ્રી :** ભગવાને શું કહ્યું સામાયિક ? મોટામાં મોટું સામાયિક શું કહેવાય ? કે શુદ્ધાત્મા એ સામાયિક કહેવાય. શુદ્ધાત્માનું ધ્યાન એ શુક્લધ્યાન છે ને એ જ નિરંતરનું સામાયિક છે. આપણે અહીં (અક્રમ માર્ગમાં) તો નિરંતર સામાયિક હોય. આપણે શુક્લધ્યાન હોય, શુદ્ધાત્માનું ધ્યાન હોય. પછી બીજું કોઈ ધ્યાન કરવાનું ના હોય. આ લોકો બધા જાત જાતના ધ્યાન કરાવે છે તે નર્યું માદકતા છે. અનર્થકારી છે એ બધું.

તમારે એવું નક્કી કરી લેવું કે 'હું ચંદુ છું' એ ધ્યાન છે કે 'હું શુદ્ધાત્મા છું' એ ધ્યાન છે તે ?

**પ્રશ્નકર્તા :** 'હું શુદ્ધાત્મા છું' તે.

**દાદાશ્રી :** તે જ નિરંતરનું સામાયિક. અને આપણને તો ઊંઘમાંય સામાયિક રહે.બાકી પેલા બધા સામાયિક તો પ્રેક્ટિસ છે. પ્રેક્ટિસથી આત્મામાં સુખ છે એવી તપાસ કરવા માટે એ સામાયિક છે. શ્રદ્ધા જ બેસે નહીં પહેલી. અંદર સુખ છે, એવી શ્રદ્ધા ના બેસે. બહારનું સુખ જોતો હોય, તે અંદરની શ્રદ્ધા બેસવા માટે સામાયિક. તે એ મન-વચન-કાયા એકાકાર હોય તો જ કામ થાય, નહીં તો થાય નહીં. એટલે એકાગ્રતા થાય મન-વચન-કાયાની, ત્યારે મહીં સુખ વર્તે. ત્યારે એમ માને કે બહારનું કશું ખાધું નથી, પીધું નથી, પાંચ ઈન્દ્રિયોથી ભોગવ્યું નથી છતાં મહીંથી સુખ આવે છે. એટલે મહીં આત્મામાં સુખ જ છે એવી વાત પર એને શ્રદ્ધા બેસે. જેમ-તેમ કરીને દર્શન ઊંચું લઈ જાય. એમ કરતા કરતા સમકિત ઊઘડી જાય. ચાર અનંતાનુબંધી તૂટે તો સમકિત ઊઘડે, નહીં તો ઊઘડે નહીં.

એટલે આ વ્યવહારમાં (ક્રમિકમાં) તો આમ કરતા કરતા આગળ પગલા માંડવાના. થોડોક આનંદ આવે એટલે આત્મા ઉપર શ્રદ્ધા બેસતી જાય કે 'બળ્યું ! આ ઘરની કપાળ કૂટ્યા કરીએ છીએ,' તે એને દુઃખ થાય છે અને આમાં આનંદ આવે છે. માટે આત્મા પર શ્રદ્ધા બેસતી જાય, વધતી જાય. બહુ વધી ગઈ છે ને આત્મા ઉપર શ્રદ્ધા ? મહીં આત્મામાં સુખ છે એવું ખબર પડી ગઈ ને ?

**પ્રશ્નકર્તા :** હા, લાગે છે, પણ થોડુંક લાગે છે.

## ક્રમિક માર્ગના જ્ઞાનીઓની સામાયિક

સામાયિક તો કોને કહેવાય ? આ જે વ્યવહાર સામાયિક છે એને સામાયિક કહેવાય. અને એની આગળ આ ક્રમિક માર્ગના જ્ઞાનીઓનું સામાયિક કોને કહેવાય ? ધ્યાતા, ધ્યેય અને ધ્યાન - ત્રણની એકતા થાય એ સામાયિક ગણાય છે. જ્ઞાનીઓનું સામાયિક તે શુદ્ધાત્માને ધ્યેય ગણે. પોતે ધ્યાતા ને ધ્યાન ગોઠવે એનું નામ સામાયિક. એ જ્ઞાનીઓનું સામાયિક એટલે ધ્યેય તરીકે આ શુદ્ધાત્મા મૂકવો પડે અને ધ્યાતા પોતે. પોતે ચંદુલાલ હોય ને પોતે ધ્યાતા. ધ્યેય શું ?

**પ્રશ્નકર્તા :** શુદ્ધાત્મા.

**દાદાશ્રી :** શુદ્ધાત્મા, એ તેનું શબ્દરૂપ ધ્યાન દેવાના. (ક્રમિક માર્ગના) જ્ઞાનીઓય ! સાચા શુદ્ધાત્માની તો વાત જ ના હોય. શુદ્ધાત્મા શબ્દોથી જાણે એ. એટલે શબ્દ બ્રહ્મને, શબ્દ આત્માને જાણે. ધ્યાન એનું કરે કે 'હું આ હું ચંદુલાલ ન્હોય.' હું આ જે જ્ઞાનીઓ કહે છે, એવો આ જોનારો હું આત્મા છું. એવો એ ધ્યેય ગોઠવે. 'શુદ્ધાત્મા' તે શબ્દથી ધ્યેય બનાવે, તે શબ્દને ગુણધર્મથી જેટલા

જાણ્યા હોય. શાસ્ત્રની અંદર બધા ગુણધર્મ જાણવામાં આવતા નથી. જેટલા જાણ્યા હોય એને ધ્યેય બનાવે અને પછી પોતે એનું ધ્યાન કર્યા કરે. પોતે ધ્યાતા, પેલું ધ્યેય અને બેનો ગુણાકાર થાય. પછી બેની સાથે જે વખતે સંસાર ભૂલે અને એ ધ્યેયમાં જ તન્મયાકાર થાય ત્યારે ધ્યાન કહેવાય છે. એ બેનો સાંધો મળ્યો કે ધ્યાન ઉત્પન્ન થાય, એકાગ્રતા ઉત્પન્ન થઈ જાય. તે વખતે બેનું કનેક્શન (સંધાન) એને 'ધ્યાન' કહે છે. એ કનેક્શન તૂટે એટલે ધ્યાન તૂટ્યું કહેવાય. કનેક્શન સંધાયેલું હોય તો ધ્યાન સંધાયેલું કહેવાય. એવું અડતાલીસ મિનિટ રહે એને 'સામાયિક' કહ્યું છે.

## એને કહ્યું અજ્ઞાન સામાયિક

ધ્યાન તો, ધ્યાતા-ધ્યેય ને ધ્યાન એકાકાર થાય ત્યારે એમનું સામાયિક થઈ જાય, છેલ્લા પ્રકારનું. આ લોકો સામાયિક કરે છે, એ તો બધા જાણે વ્યવહારિક સામાયિક. આ તો બધું અજ્ઞાન સામાયિક કહેવાય.

અજ્ઞાન સામાયિક એટલે મન-વચન-કાયાને બહાર ન ખસવા દેવા. પણ પેલું (સામાયિક) ખરું, પેલી સમાધિ ! ધારણા, ધ્યાન ને સમાધિ એ ત્રણ ક્યારે ઉત્પન્ન થાય ? ધ્યાતા-ધ્યેય ને ધ્યાન એકાકાર થાય ત્યારે. પેલી ધારણા કહેવાય છે અને આ ધારણા ના કહેવાય, આ તો યથાર્થ કહેવાય.

એટલે ત્યાં આગળ એ ધ્યાન કરે, તો તે રૂપ થતો જાય છે. એ છેલ્લે તે રૂપ થતો જાય ને, તેમ તેમ શક્તિ વધતી જાય. એટલે એમને તો એ (ધ્યાન) રોજ કરવું પડે અને એકાંતમાં જઈ ને ! અને વળી પાછાં ભગવાનો, વીતરાગો નહીં ઊભા રહ્યા આપણા. આમ કરીને ઊભા રહ્યા છે, કાઉસગ્ગ ધ્યાનમાં !

## કાઉસગ્ગ ધ્યાન એ સામાયિક

કાઉસગ્ગ ધ્યાન તેં કેટલા કરેલા ?

**પ્રશ્નકર્તા :** એકેય નહીં.

**દાદાશ્રી :** કાઉસગ્ગ ધ્યાન શું હશે એવું સમજાયું છે તમને ?

**પ્રશ્નકર્તા :** કાયાનો ઉત્સર્ગ.

**દાદાશ્રી :** એ કાયાનો ઉત્સર્ગ એ શબ્દ લખેલો છે, પણ કાયાનો, વાણીનો, મનનો ઉત્સર્ગ કરવાનો.

**પ્રશ્નકર્તા :** કાયોત્સર્ગ એ ખરેખર શું છે ?

**દાદાશ્રી :** શું નામ તમારી ફાઈલ નંબર ૧ નું ?

**પ્રશ્નકર્તા :** ચંદુ.

**દાદાશ્રી :** ચંદુ. તે ચંદુ સામો દેખાય કે તમને ? આંખો મીંચો જોયે ? આંખો મીંચો તો ચંદુ આખો દેખાય છે સામો ?

**પ્રશ્નકર્તા :** હા.

**દાદાશ્રી :** એ કાયોત્સર્ગ. એમ કરીને પછી રહેવું એક કલાક, એટલે કાયોત્સર્ગ કહેવાય. પણ તે ક્રમિક માર્ગમાં તો રહેવાય નહીં. એમ કરતા કરતા એમને ઊંઘ આવી જાય. એટલે શું કરે ? મોટો પથ્થરો હોય, તેની ઉપર ચઢીને ઊભા રહે. એટલે 'પડી જઈશ તો મરી જઈશ', એવા ભો સાથે ઊભા રહે ત્યારે વળી રહેવાય, નહીં તો ઊંઘ આવી જાય. એમને કાયોત્સર્ગ રહે જ નહીં ને ! આત્મા પૂરો જાણ્યો નથી ત્યાં સુધી આત્મા પ્રગટ થાય નહીં. એટલે જેમ તેમ કરી કાયોત્સર્ગ કર કર કર્યા કરે.

## પાંચ આજ્ઞા એ સામાયિક

**પ્રશ્નકર્તા :** કાયોત્સર્ગ આપે કહ્યું એવું તો ઘણા વખતથી થાય છે.

**દાદાશ્રી :** ના, કાયોત્સર્ગ તો આપણો નિયમ. હું તો શું કહું છું કે તમારે નિરંતર ચંદુને જોવું એ જ આપણા વિજ્ઞાનનો સાર. ચંદુ શું કરે છે ને શું

નહીં, એટલું જ જોયા કરવાનું. એટલે આમાં શું ખોડ આવવાની છે ? ફક્ત આવું જોવું.

આ (જોવાનું) તો અતિ ઉત્તમ છે. તે કાયોત્સર્ગ કહેવાય છે, પણ તે લોકોને સમજણ પડે નહીં. જ્ઞાની પુરુષ જાણે કે આત્મા આપેલો અને આત્માની હાજરીમાં તમે આ બધું કરો છો. જ્ઞાતા-જ્ઞેય સંબંધથી કરો છો.

આ સામાયિક તો આખો દહાડો આ ચંદુ કર્યા કરે છે. આત્મા એ સામાયિક, 'હું શુદ્ધાત્મા છું' એ જેને લક્ષ રહ્યું એ જ સામાયિક. સમભાવે નિકાલ કરવો એ સામાયિક, રિયલ-રિલેટિવ જોવું એ સામાયિક, આપણા પાંચ વાક્યો બધા એ સામાયિક સ્વરૂપ છે.

## મન ખસ્યા વગરની સ્થિતિ એ સામાયિક

**પ્રશ્નકર્તા :** આ પ્રતિક્રમણ-પ્રત્યાખ્યાન-આલોચના-સામાયિક એ બધામાં એક્ચ્યુલિ (ખરેખર) શું કરવાનું ?

**દાદાશ્રી :** દાદા કેટલો વખત તમને હાજર રહે છે ?

**પ્રશ્નકર્તા :** આમ તો લગભગ.

**દાદાશ્રી :** નિરંતર જેવું ? હવે એમાં કંઈક થોડીવાર ખસી જાય ?

**પ્રશ્નકર્તા :** હા, એવું બને.

**દાદાશ્રી :** ખસી જાય. તે એક કલાક મન ખસ્યા વગરની સ્થિતિ એનું નામ સામાયિક. એમાં મન ખસે નહીં, બીજી જગ્યાએ ચારો ચરવા ના જાય. અને આ દાદા દેખાયા કરતા હોય તો બધા પાપો ભસ્મીભૂત કરી નાખશે નિદિધ્યાસન કરીને મહીં દેખાયા કરે તો, પાપો ભસ્મીભૂત થઈ જાય. થોડા ઘણા બાકી હશે ને, તે સવારના પહોરમાં ખલાસ કરી નાખશે અને રોજ રાત્રે એ જ કરવાનું છે. રાત્રે એટલું જ ધ્યાન કરવાનું, બીજું કશું કરવાનું નથી.

**પ્રશ્નકર્તા :** પણ લોકો તો એમ કહે કે 'હું સામાયિક કરી આવું' એટલે એમ કરીને મંદિરમાં કે દેરાસરમાં દોડે અને ત્યાં જઈને કરવા માંડે. એટલે શું કરવાનું ?

**દાદાશ્રી :** એટલે એ જે સામાયિક છે ને, એ જુદી જાતનું સામાયિક એટલે એ...

**પ્રશ્નકર્તા :** એ પેલી માળા ફેરવવા જેવું.

**દાદાશ્રી :** હા, માર્કેટ મટિરિયલ જેવું, બજારું માલ અને સામાયિક તો કેવું ? પણ બીજા ના કરે તેના કરતા સારું છે એ.

**પ્રશ્નકર્તા :** પણ એનો ખરો અર્થ પેલો...

**દાદાશ્રી :** એ લોકો શું કરવાના ? 'મારે સામાયિક કરવું છે.' (બોલે એટલે) આપણને સાઈકોલોજીકલ એકવાર ઈફેક્ટ થઈ જાય. 'ઘણું સારું' એટલું બોલે ને, તોય 'સારું.' એટલે પછી ઈફેક્ટ થાય. એટલે બાઉન્ડ્રી રચાય પછી કુદરતી રીતે જ. તે આજ કશું યાદ કરવું નથી. હવે દુકાન, જેને ભૂલવા ફરતો હોય ને, એ જ પહેલો ધબડકો પડે મહીં, પણ એણે જે નક્કી કર્યું છે ને, એ નક્કી કર્યું, ભાવ કર્યો બધો એ બહુ મોટો કહેવાય. બીજી તો બધી (અસરો) એની નબળાઈને લીધે પેસી જાય તો એમાં એ શું કરે બિચારો ? એનો શું ગુનો ?

હું ભગવાનને કહું કે 'સાહેબ, એ તો કરવા બેઠો પણ હવે બીજું બધું પેસી જાય, એમાં એ શું કરે તે ?' એની પાસે ગુરખા નથી, બીજું કશું સાધન નથી. અને મેં જ્ઞાન આપ્યું છે પણ એ ગુરખા-બુરખા સાથે, તે કશું પેસી ના જાય. ચોવીસેય કલાક દાદા રહે છે ને ?

**પ્રશ્નકર્તા :** પણ એટલે એ જે આખો એક કલાક કે અડતાલીસ મિનિટ...

**દાદાશ્રી :** સામાયિક એટલે એક કલાક. તે શરૂઆત કેવી ? એ કોઈ પણ એક વસ્તુમાં ધ્યાનમાં રહે. એ કોઈ પણ એક વસ્તુમાં મન રાખવું. શરૂઆતમાં એ લોક પુસ્તક વાંચીને એક સામાયિક કરે, ધર્મનું પુસ્તક. તે બહારવટિયાના પુસ્તકમાં બહુ સારી સામાયિક રહે, પણ એ તો નીચે ઉતરવાની સામાયિક ધર્મના પુસ્તકમાં જો રહે તો મન જાય નહીં, તો જાણવું કે સામાયિક સારી થઈ અને મન ગયું હોય બીજે દહાડે તો આપણે ભગવાનની પાસે પ્રાર્થના કરવી જોઈએ. 'ભગવાન આટલું પૂરું તો કરવા દો. એક કલાક તો કરવા દો, મહીં વાંચીનેય નથી થતું ઠેકાણે નથી, રાગે પડતું.' હવે વાંચવાની શરૂઆતથી માંડીને, (છેલ્લે) વાંચ્યા વગર બેસવું અને કંઈ પણ એ (વિચાર) ના આવે. તેમાંય ધબડકા પડે પણ એમ કરતા કરતા, આગળ વધતા વધતા, સામાયિક ત્યાં સુધી જાય કે મનમાં નક્કી કર્યું હોય, અને જેનું મન એક કલાક સુધી કોઈ જગ્યાએ બહાર જાય નહીં, વગર પ્રયત્ને સહજ રહ્યા કરે, ત્યારે સામાયિક. અમારું નિરંતર ચોવીસેય કલાક સામાયિક રહે છે અને તમારેય રહે છે. તમારેય સામાયિક વગર તો શાંતિ ના હોય ! સામાયિક શરૂઆતથી સમજણ પાડી, (છેલ્લે) પૂર્ણાહૂતિનું સામાયિક કહ્યું.

## સામાયિકમાં એકાગ્રતાની જરૂર

**પ્રશ્નકર્તા :** દાદા, આપ જે સામાયિક કરવાનું કહો છો પણ મારાથી સામાયિક ક્યારેય નથી થતી.

**દાદાશ્રી :** તારે 'નથી થતી, નથી થતી' એનું સામાયિક કરી નાખવું.

એકધ્યાનમાં હતા કે બેધ્યાનમાં હતા, એટલું જ ભગવાન પૂછે છે. હા, તે બેધ્યાનમાં ન હતા. તેં 'નથી થતું' એનું ધ્યાન કર્યું, પેલાએ 'થતું હતું' એનું ધ્યાન કર્યું. બીજી કશી ભાંજગડ છે નહીં. આ તો એનું એ જ છે. આમ એક જ વસ્તુ છે, આમ જુએ તો આમ ને આમ જુએ તો આમ. આપણે આમ ન ફરીએ તો બેક (પૂંઠ) પેલું કહેવાય અને પેલી બાજુ ફર્યા તો બેક આમ કહેવાય. અમે તો આવું ઊંધું ચલાવીએ કે 'નથી થતી.' જો એની જગ્યાએ હું હોઉં તો હું ક્યારનો બેસી જાઉં, 'નથી થતી, નથી થતી.' એટલે અંતરાય-બંતરાય બધુંય જતું રહે. અંતરાય કહે, આમને જિતાય નહીં. આ તો અવળું ફરીને બેઠા. આ દિશા વાંકી પડી તો આપણે આમ ફરી ગયા. પછી એ દિશા તરફ સીધા જાય ત્યારે આ વાંકું થાય, તો પેલી બાજુ ફરી જઈએ. દિશાઓ ફર્યા કરવાની.

એટલે આ બધું એકનું એક છે, પણ એમાં બે ન થવું જોઈએ. ત્યાં આગળ ઘર સાંભરે એવું ના થવું જોઈએ. 'નથી થતું, નથી થતું' એ જ ધ્યાન હોવું જોઈએ. આ દાદાના વાળ આખાય ધોળા દેખાય, કો'કને ધ્યાનમાં આખા કાળા દેખાય. એનો કોઈ વાંધો આવતો નથી. આપણે કામ શું છે ? એકાગ્ર ધ્યાન હતું કે નહીં ? ધ્યાન ક્યારે કહેવાય ? એકાગ્ર થાય તો એક જ વસ્તુ (દેખાય) અને આ બધા 'રામ, રામ' બોલે છે, તે એ ધ્યાન ન હોય અને આ ધ્યાન તો દાદાઈ ધ્યાન કહેવાય. આ તો અજાયબી કહેવાય !

## પ્રતિકૂળતામાં જ્ઞાનનો ઉપાય ગોઠવો

**પ્રશ્નકર્તા :** જ્ઞાન લીધા પછી પર્યુષણમાં ઉપાશ્રયમાં ફાઈલ તરીકે જવાય કે ના જવાય ?

**દાદાશ્રી :** જવાય, જવાનો શો વાંધો છે ?

**પ્રશ્નકર્તા :** વાંધો નહીં, પણ આમ ત્યાં ચેન નથી પડતું. આજે ગયો તો કલાક તો માંડ માંડ કાઢ્યો.

**દાદાશ્રી :** એવું છે ને, લોક લાજે જવું પડે તો જવું કો'ક દહાડો, પણ બધાનામાં શુદ્ધાત્મા જો જો કરવા. ફરી ફરી જો જો કરવા.

**પ્રશ્નકર્તા :** હા, એટલે એ કર્યું પછી મહારાજ સાહેબ વ્યાખ્યાન આપતા હતા એમાંય શુદ્ધાત્મા જોઉ.

**દાદાશ્રી :** ફસાઈ ગયા એટલે વખત ના બગાડવો આપણો. ફસામણ તો થઈ જાય બધી. શુદ્ધાત્માના દર્શન (કરવા) એમ કરતા કરતા એક કલાક કાઢી નાખીએ, એવી સામાયિક કરીએ ત્યાં આગળ.

## આજ્ઞાપૂર્વક કરો આ શુદ્ધ સામાયિક

સામાયિક એટલે શું કરવાનું ? આ બે વ્યુ પોઈન્ટ (દૃષ્ટિબિંદુ) આપ્યા છે ને, તે બધાની અંદર શુદ્ધાત્મા જોતા જોતા જઈએ શાક લેવા. તે કોઈ ગધેડું હોય, પછી બળદ જતો હોય, બીજું જતું હોય, ગાય-બકરી, જીવમાત્રને જોતા જોતા જવું આજ્ઞાપૂર્વક ને આજ્ઞાપૂર્વક પાછા આવ્યા, તો એક તો ઘરના માણસે કહ્યું હોય કે 'શાક લઈ આવો' તે આપણે ચાલીને લઈ આવ્યા. પૈસો ખર્ચ થયો નહીં અને બીજો શું ફાયદો થયો ? ત્યારે કહે, દાદાની આજ્ઞા પાળી. ત્રીજો શો ફાયદો થયો કે સામાયિક થયું. ચોથો શું થયો ફાયદો ? ત્યારે કહે, સામાયિકનું ફળ સમાધિ રહી. એટલે આ આજ્ઞા પાળજો બધી. એક કલાકેય છેવટે કાઢજો ને ! ના નીકળે ? કલાકનું દિવ્યચક્ષુનું સામાયિક કરવું. અમારી આજ્ઞા જે જેટલી પાળે છે, તેટલો તેને અવશ્ય અમારો રાજીપો મળે છે.

આપણે એવું નથી કે આમ બેસીને કરજો. દોડજો-કૂદજો, એનો સવાલ નથી પણ (શુદ્ધાત્મા) જોતા જોતા મારી આજ્ઞામાં રહેજો. આપણું સામાયિક સ્થિર કરીને (થઈને) બેસવાનું નથી કહ્યું. સ્થિર બેસી શકાય એવો કાળ નથી આ. સ્થિર બેસવું બહુ મુશ્કેલી પડી જાય છે. એટલે આપણે કહીએ કે તમને જેમ અનુકૂળ આવે તેમ (કરજો). આ અમે તો સરળ અને સીધું આપ્યું છે અને એવું કલાક કરી જોયું હશે ને ? કરી જોયેલું ?

એ દિવસે આમ શાક લેવા જઈએ, ફરવા જઈએ તે ઘડીએ (બધામાં શુદ્ધાત્મા) જોતા જોતા જવું અને પાછા એના એ યોગમાં પાછા (આવવું). તે (રિલેટિવ) ને રિયલ, વ્યવહાર ને નિશ્ચય જોતા જોતા જોતા (જુદું) દેખાશે. હવે એની મેળે વ્યવહાર આ આંખથી દેખાય, ચામડાની આંખથી અને નિશ્ચય પેલી આંખથી, અંદરની આંખથી દેખાય. એ દેખે એટલે એક કલાકમાં તો પુણિયા શ્રાવકનું સામાયિક થઈ જાય. હવે પેલું વ્યવહારિક સામાયિક કરવાની જરૂર નહીં. આત્મા સમમાં આવ્યો એટલે એ જ સામાયિક અને નિરંતર આત્મા રહેશે, એક ક્ષણવાર ભૂલાશે નહીં. એની મેળે જ યાદ આવશે. તમારે યાદ કરવાનું ના હોય. યાદ કરવાનું હોય તો તો પછી ભૂલી જવાય (પાછું), વિસ્મરણ થાય. આ તો એની મેળે સહજ ઉત્પન્ન થાય. સાક્ષાત્કાર થઈ ગયેલો એટલે એ નિરંતર ખ્યાલમાં રહેશે કે 'હું શુદ્ધાત્મા.' શુદ્ધાત્મા એટલે શુક્લધ્યાન ઉત્પન્ન થશે પણ તમારું પહેલા પાયાનું શુક્લધ્યાન થશે. પહેલો પાયો એટલે અસ્પષ્ટવેદન, સ્પષ્ટવેદન નહીં આત્માનું. (તમારું) અસ્પષ્ટવેદન અને મારું સ્પષ્ટવેદન હોય અને ભગવાનનું કેવળજ્ઞાન હોય, ત્રીજો પાયો. ચોથો પાયો મોક્ષમાં. બહુ લાંબું છે નહીં હવે, જો તમે મારા કહ્યા પ્રમાણે કરશો તો. માટે એટલું સમજવાની જરૂર છે.

**- જય સચ્ચિદાનંદ**

**<u>દાદાવાણી મેગેઝીનના વાર્ષિક સભ્યો માટે સૂચના</u>**

અગર આપે દાદાવાણી મેગેઝીનનું વાર્ષિક લવાજમ ભર્યું છે, તો તે બાર મહિના પછી પૂરું થઈ જાય છે. આપનું લવાજમ ક્યારે પૂરું થાય છે, એની આપને શી રીતે ખબર પડશે ? જો આપની આ મહિનાની આવેલ દાદાવાણીના કવરના લેબલ પર ગ્રાહક નંબરની બાજુમાં # હોય તો જાણવું કે આ આપની છેલ્લી દાદાવાણી છે. દા.ત. DGIA12345#. જો આપ દાદાવાણી મેગેઝીન રિન્યુ કરાવવા ઈચ્છતા હો તો લવાજમની વિગત અને કયા સરનામે મનીઓર્ડર કે ડિમાન્ડ ડ્રાફ્ટ મોકલવો (સંપર્કસૂત્ર) એની વિગત પેજ નં.૩ પર આપેલ છે.

## દાદાઈ જગકલ્યાણ મિશન - સત્સંગ હાઈલાઈટ્સ

**૧૧ - ૧૨ જૂન :** બેંગ્લોર ખાતે યોજાયેલ સત્સંગ-જ્ઞાનવિધિમાં ૭૦૯ મુમુક્ષુઓ આત્મજ્ઞાન મેળવ્યું હતું, જેમાં દક્ષિણ ભારતના વિવિધ શહેરોમાંથી ઘણાં મુમુક્ષુઓ આવ્યા હતા. કચ્છી પટેલ સમાજના ઘણાં મુમુક્ષુઓ પણ આત્મજ્ઞાન પ્રાપ્તિ માટે આવ્યા હતા. 'દાદા દરબાર'માં સ્થાનિક મહાત્માઓને પૂજ્યશ્રીના માર્ગદર્શન અને દર્શનનો અમૂલ્ય લહાવો પ્રાપ્ત થયો હતો. આપ્તપુત્ર દ્વારા ફોલોઅપ સત્સંગમાં નવા જ્ઞાન લીધેલા લોકો જ્ઞાનનું દ્રઢીકરણ માટે આવ્યા હતા.

**૧૭ જૂન :** પૂજ્યશ્રીએ બ્રાઝિલ-અમેરિકા-કેનેડાના સત્સંગ પ્રવાસે જવા સીમંધર સીટીથી પ્રસ્થાન કર્યું હતું. તેઓ એક દિવસ માટે દુબઈ રોકાયા હતા. 'દાદા દરબાર' અંતર્ગત પૂજ્યશ્રી સાથે વાતચીત કરવાનો અને દર્શનનો લહાવો દુબઈના મહાત્માઓને મળ્યો હતો.

**૧૮ - ૨૭ જૂન :** સતત બીજા વર્ષે પૂજ્યશ્રીનો સત્સંગ-કાર્યક્રમ બ્રાઝિલમાં યોજાયો. આ વખતે સાઓ પૌલો શહેરમાં કાર્યક્રમ યોજાયો. કાર્યક્રમ અગાઉ બ્રાઝિલના પ્રસિદ્ધ ઈગ્વાઝુ ફોલ્સ અને ઈગ્વાઝુ બર્ડ પાર્કની મુલાકાત લઈ કુદરતી સૌંદર્ય વચ્ચે વિવિધ પક્ષીઓની જાતને નિહાળી હતી. શિબિર પહેલા ઈન્ફોર્મલ સત્સંગ દરમ્યાન ગયા વર્ષે જ્ઞાન લીધેલા મહાત્માઓએ પોતાના સુંદર અનુભવો વર્ણવ્યા હતા. સત્સંગ દરમ્યાન પોતાની જિજ્ઞાસા સંતોષી, આત્મજ્ઞાન સંબંધી જાણકારી મેળવ્યા બાદ ૩૫૦ મુમુક્ષુઓએ આત્મજ્ઞાન મેળવ્યું હતું. ત્યાર બાદ ગરબા તેમજ દાદા દરબાર અંતર્ગત પૂજ્યશ્રીના દર્શનનો અનેરો લહાવો સૌએ લીધો હતો.

**૨૯ જૂન - ૧ જુલાઈ :** પૂજ્યશ્રીના અમેરિકા સત્સંગ પ્રવાસનો પ્રારંભ હ્યુસ્ટન શહેરથી થયો. સત્સંગ-જ્ઞાનવિધિ કાર્યક્રમ દરમ્યાન ૧૪૦ મુમુક્ષુઓએ આત્મજ્ઞાન મેળવ્યું અને ૫૦૦ જેટલાં મહાત્માઓએ લાભ લીધો. દાદા દરબાર અંતર્ગત પૂજ્યશ્રીને ૧૭૫ મહાત્માઓ મળ્યા અને દર્શન પામ્યા હતા. આપ્તપુત્ર દ્વારા જ્ઞાનવિધિ પહેલા અને બાદમાં ફોલોઅપ સત્સંગ પણ યોજાયો હતો.

**૨ - ૪ જુલાઈ :** ડલ્લાસ શહેરમાં યોજાયેલ સત્સંગ-જ્ઞાનવિધિ દરમ્યાન ૧૩૫ મુમુક્ષુઓએ આત્મજ્ઞાન મેળવ્યું હતું અને ૫૦૦ મહાત્માઓની મહત્તમ હાજરી નોંધાઈ હતી. સેવાર્થી સત્સંગ દરમ્યાન ૨૦૦ મહાત્માઓએ પૂજ્યશ્રીના દર્શન પામી ધન્યતા અનુભવી હતી. આપ્તપુત્ર સત્સંગથી નવા જ્ઞાન લીધેલા મહાત્માઓને પાંચ આજ્ઞા સંબંધી વધુ જાણકારી પ્રાપ્ત થઈ હતી.

**૮ - ૧૧ જુલાઈ :** ન્યૂ જર્સીમાં યોજાયેલ સત્સંગ-જ્ઞાનવિધિ દરમ્યાન ૩૨૫ મુમુક્ષુઓએ આત્મજ્ઞાન મેળવ્યું હતું. અહીંયા બીજા સેન્ટરની તુલનામાં સત્સંગમાં આવનારાઓની સંખ્યા વધુ હતી. ૧૨૦૦થી વધુ મહાત્માઓની હાજરી નોંધાઈ હતી. ૪૫૦ સેવાર્થી મહાત્માઓને પૂજ્યશ્રીના દર્શન મળી રહે તે માટે દાદા દરબારની વ્યવસ્થા કરાઈ હતી. જ્ઞાનવિધિ બાદ વધુ માર્ગદર્શન માટે આપ્તપુત્ર દ્વારા ફોલોઅપ સત્સંગ જ્ઞાન લીધેલા મહાત્માઓ માટે રાખવામાં આવ્યો હતો.

**૧૪ - ૨૦ જુલાઈ :** ૨૦૦૮ પછી આઠ વર્ષ બાદ કેનેડાના ટોરન્ટો શહેરમાં પૂજ્યશ્રીની નિશ્રામાં ગુરુપૂર્ણિમા મહોત્સવની ઊજવણી થઈ. આ મહોત્સવમાં કેનેડાના મહાત્માઓએ પૂજ્યશ્રીનું ટોરન્ટો એરપોર્ટ પર ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું. ૩૦૦૦ મહાત્માઓ દુનિયાભરના વિવિધ દેશોમાંથી આવ્યા હતા. આટલી સંખ્યાને પહોંચી વળવા ૯ હોટેલોમાં રહેઠાણ અને આ ઈવેન્ટ માટે હોટેલના ૩ હોલમાં બેઠક વ્યવસ્થા કરવામાં આવી હતી. ૧૪ તારીખે રાત્રે વેલકમ સેશન રાખવામાં આવી હતી. પૂજ્યશ્રીની બેઠક પાછળ સ્ટેજ ઉપર ત્રિમંદિરની પ્રતિકૃતિ ઊભી કરવામાં આવી હતી. તેવી જ રીતે પૂજ્ય નીરુમાની સમાધિનું મોડેલ પણ બનાવવામાં આવ્યું હતું. અડાલજ ત્રિમંદિર સંકુલના વિવિધ લેન્ડમાર્ક સમાન બિલ્ડીંગોના મોડેલ LMHTના વિવિધ સેન્ટરોના બાળકો દ્વારા પેપર ક્રાફ્ટ દ્વારા બનાવવામાં આવ્યા હતા. શિબિર દરમ્યાન 'ગુરુ-શિષ્ય' પુસ્તક પર પારાયણ તેમજ બે વિશેષ ટોપિક પર પૂજ્યશ્રીએ સત્સંગ કર્યા હતા. તે સિવાયના મહાત્માઓ તેમજ મુમુક્ષુઓના પ્રશ્નોના સમાધાનકારી ફોડ પૂજ્યશ્રીએ આપ્યા હતા. અમુક મહાત્માઓએ પોતાના જ્ઞાન સંબંધી અદ્‌ભુત અનુભવો વર્ણવ્યા હતા. જ્ઞાનવિધિ દરમ્યાન ૪૦૦ મુમુક્ષુઓએ આત્મજ્ઞાન મેળવ્યું હતું. ટોરેન્ટો શહેરના ગુજરાતી, જૈન તમજ પારસી સમાજના લોકોએ પણ સત્સંગમાં હાજરી આપી હતી. ગુરુપૂર્ણિમાના દિવસે વિધિ બાદ પૂજ્યશ્રીએ વિશેષ સંદેશો આપતા જણાવ્યું હતું કે 'આ વર્ષે આપણે સામેના વ્યક્તિની પ્રકૃતિને અનુકૂળ થઈ ફાઈલોનો સમભાવે નિકાલ કરીશું.' ત્યાર પછી જગત કલ્યાણની ભાવનાની સામાયિક પૂજ્યશ્રીએ કરાવી હતી તેમજ સીમંધર સ્વામી-દાદાશ્રીનું પૂજન-આરતી કર્યા હતા. પૂર્ણસ્વરૂપી દાદાના સૂક્ષ્મ સ્વરૂપે આ દિવસે ભાવથી દર્શન પામી મહાત્માઓએ ખૂબ જ ધન્યતા અનુભવી હતી અને પોતાને ખૂટતી શક્તિઓ માંગી હતી. આવતા વર્ષે અમેરિકાના ફિલાડેલફિયામાં ગુરુપૂર્ણિમા ઊજવવાની જાહેરાત પૂજ્યશ્રીએ કરી હતી. અંતે સર્વ મહાત્માઓએ વારાફરથી પૂજ્યશ્રીના દર્શન કર્યા હતા. ૨૦મી તારીખે પૂજ્યશ્રીના સત્સંગ સાથે ગુરુપૂર્ણિમા મહોત્સવની પૂર્ણાહૂતિ થઈ હતી.

## પરમ પૂજ્ય દાદા ભગવાનનો ૧૦૯મો જન્મજયંતી મહોત્સવ - વલસાડ શહેરમાં

**ઉદ્‌ઘાટન સમારોહ** - તા. ૯ નવેમ્બર

**સત્સંગ શિબિર** - તા. ૧૦ થી ૧૨ નવેમ્બર

**જ્ઞાનવિધિ** - તા. ૧૨ નવેમ્બર

**જન્મજયંતી દિવસ** - તા. ૧૩ નવેમ્બર

**સ્થળ** : આઈ. પી. ગાંધી હાઈસ્કૂલ સામે, વાંકી નદી પાસે, જુજવા ગામ, વલસાડ-ધરમપુર રોડ, વલસાડ.

**સંપર્ક :** ૯૯૨૪૩૪૩૨૪૫

## પૂજ્ય દીપકભાઈને નિહાળો ટીવી ચેનલ પર...

**ભારત**
- **'દૂરદર્શન'-ગુજરાત (ગિરનાર)** પર સોમથી શનિ, બપોરે ૩-૩૦ થી ૪ (ટાટા સ્કાય-ચેનલ નં.-૧૭૪૯)
- **'અરિહંત' ચેનલ પર** દરરોજ રાત્રે ૮-૩૦ થી ૯
- **'દૂરદર્શન'-ગિરનાર પર** મંગળ થી ગુરુ, રાત્રે ૧૦ થી ૧૦-૩૦ ; શુક્ર થી રવિ, રાત્રે ૯-૩૦ થી ૧૦-૩૦
- **'दूरदर्शन'-सह्याद्रि** पर हर रोज़ सुबह 7 से 7-30 (मराठी में)
- **'दूरदर्शन'-नेशनल** पर सोम से शुक्र, सुबह 8-30 से 9 ; शनि, सुबह 9 से 9-30 ; रवि, सुबह 6-30 से 7
- **'दूरदर्शन'-मध्यप्रदेश** पर सोम से शनि, दोपहर 3-30 से 4 ; रवि, शाम 6 से 6-30 (हिन्दी में)
- **'दूरदर्शन'-उत्तरप्रदेश** पर हर रोज़ रात 9-30 से 10 (हिन्दी में)

**USA**
- **'कलर्स' टीवी** पर हर रोज़ सुबह 7 से 7-30 EST (हिन्दी में)

**UK**
- **'વીનસ' ટીવી** પર દરરોજ સવારે ૮-૩૦ થી ૯ (ગુજરાતીમાં)
- **'कलर्स' टीवी** पर हर रोज़ सुबह 7 से 7-30 (हिन्दी में)

**Singapore**
- **'कलर्स' टीवी** पर हर रोज़ सुबह 4-30 से 5 तथा सुबह 7 से 7-30 (हिन्दी में)

**Australia**
- **'कलर्स' टीवी** पर हर रोज़ सुबह 7-30 से 8 तथा सुबह 10 से 10-30 (हिन्दी में)

**New Zealand**
- **'कलर्स' टीवी** पर हर रोज़ सुबह 9-30 से 10 तथा रात 12 से 12-30 (हिन्दी में)

**USA-UK-Africa-Aus.**
- **'આસ્થા'** પર દરરોજ રાત્રે ૧૦ થી ૧૦-૩૦ (ડિશ ટીવી ચેનલ યુકે-૮૪૯, યુએસએ-૭૧૯)

## પૂજ્ય નીરુમાને નિહાળો ટીવી ચેનલ પર...

**ભારત**
- **'દૂરદર્શન' - ગુજરાત (ગિરનાર)** પર દરરોજ સવારે ૯ થી ૯-૩૦ (ટાટા સ્કાય-ચેનલ નં.-૧૭૪૯)
- **'અરિહંત' ચેનલ** પર દરરોજ સાંજે ૫ થી ૫-૩૦
- **'डीडी'-इन्डिया** पर हर रोज़ सुबह 7 से 7-30 तथा शाम 6 से 6-30 (हिन्दी में)
- **'दूरदर्शन'-बिहार** पर हर रोज़ सुबह 7 से 7-30 तथा शाम 6-30 से 7 (हिन्दी में)
- **'आस्था'** पर सोम से शनि, रात 10-20 से 10-40 (हिन्दी में)

**USA**
- **'TV Asia' -** પર દરરોજ સવારે ૭-૩૦ થી ૮ EST
- **'कलर्स' टीवी** पर सोम से शनि सुबह 8 से 8-30 (हिन्दी में)

**UK**
- **'वीनस' टीवी** पर हर रोज़ सुबह 8 से 8-30 (हिन्दी में)
- **'कलर्स' टीवी** पर हर रोज़ सुबह 7 से 7-30 (हिन्दी में)

**ત્રિમંદિરોના સંપર્ક : અડાલજ:** (૦૭૯) ૩૯૮૩૦૧૦૦; **રાજકોટ :** ૯૯૨૪૩૪૩૪૭૮; **ભુજ** ૯૯૨૪૩૪૫૫૮૮; **ગોધરા:** ૯૭૨૩૭૦૭૭૩૮; **મોરબી:** (૦૨૮૨૨) ૨૯૭૦૯૭; **સુરેન્દ્રનગર:** ૯૭૩૭૦૪૮૩૨૨, **અમરેલી:** ૯૯૨૪૩૪૪૪૬૦

**અન્ય સેન્ટરોના સંપર્ક : અમદાવાદ:** (૦૭૯) ૨૭૫૪૦૪૦૮; **મુંબઈ:** ૯૩૨૩૫૨૮૯૦૧; **વડોદરા (દાદા મંદિર) :** ૯૯૨૪૩૪૩૩૩૫; **U.S.A.-Canada:** +1 877-505-DADA(3232); **U.K.:** +44 330-111-DADA(3232); **Australia :** +61 421127947

# આત્મજ્ઞાની પૂજ્ય દીપકભાઈના સાંનિધ્યમાં આગામી સત્સંગ કાર્યક્રમો

## અડાલજ ત્રિમંદિર

**૨૦ ઓગષ્ટ** (શનિ), સાંજે ૪ થી ૭ - **સત્સંગ** તથા **૨૧ ઓગષ્ટ** (રવિ), બપોરે ૪ થી ૭-૩૦ - **જ્ઞાનવિધિ**

**૨૫ ઓગષ્ટ** (ગુરુ), રાત્રે ૧૦ થી ૧૨ - **જન્માષ્ટમી** નિમિત્તે વિશેષ ભક્તિ કાર્યક્રમ

**૨૮ ઓગષ્ટ** (રવિ) - સવારે ૯ વાગ્યાથી **પૂજ્યશ્રીના દર્શન**નો વિશેષ કાર્યક્રમ

**૨૯ ઓગષ્ટ** થી **૫ સપ્ટેમ્બર** (સોમથી સોમ)-**પર્યુષણ પારાયણ-આપ્તવાણી ૧૩ (પૂ.)** પર **વાંચન-સત્સંગ**

નોંધ - પેજ - નં ૨૧૫, ચેપ્ટર - ૨.૭ 'નામકર્મ'થી વાંચન શરૂ થશે.

બહારગામથી આવનાર મહાત્મા-મુમુક્ષુઓને વ્યવસ્થા માટે ખાસ સૂચના

(૧) પારાયણમાં ભાગ લેવા રજિસ્ટ્રેશન કરાવવું જરૂરી છે. (૨) જે મહાત્માઓ પાસે દાદા ભગવાન પરિવારનું પરમેનન્ટ આઈ-કાર્ડ છે, એમણે આઈ-કાર્ડ અવશ્ય સાથે લેતા આવવું. (૩) ભાઈઓ-બહેનો માટે અલગ-અલગ ઉતારાની વ્યવસ્થા હોઈ શકે માટે પોતપોતાનો સામાન જુદો લાવવો. (૪) ઓઢવા-પાથરવાનું, એર પીલો (ઓશીકું), બેટરી, જરૂરી દવાઓ, દોરી, તાળું-ચાવી વિગેરે સાથે લેતાં આવવું.

## પુના

**૨૧ ઓક્ટોબર** (શુક્ર), સાંજે ૫-૩૦ થી ૮-૩૦ - **મહાત્માઓ માટે વિશેષ સત્સંગ**

**૨૨ ઓક્ટોબર** (શનિ), સાંજે ૫-૩૦ થી ૮-૩૦ - **સત્સંગ** તથા **૨૩ ઓક્ટોબર** (રવિ), સાંજે ૫ થી ૮-૩૦ - **જ્ઞાનવિધિ**

**સ્થળ :** ગણેશ કલા ક્રિડા મંચ, નહેરુ સ્ટેડિયમ કેમ્પસ, સ્વારગેટ બસ સ્ટેશન પાસે. **સંપર્ક:** ૭૨૧૮૪૭૩૪૬૮

**૨૪ ઓક્ટોબર** (સોમ), સાંજે ૫-૩૦ થી ૮-૩૦ - **આપ્તપુત્ર સત્સંગ, સ્થળ માટે સંપર્ક:** ૭૨૧૮૪૭૩૪૬૮

## નવસારી

**૫ નવેમ્બર** (શનિ)- **સત્સંગ** તથા **૬ નવેમ્બર** (રવિ) - **જ્ઞાનવિધિ** , **૭ નવેમ્બર** (સોમ) - **આપ્તપુત્ર સત્સંગ**

સમય તથા સ્થળની જાણકારી માટે **સંપર્ક :** ૯૯૨૪૩૪૩૪૭૯

## Pujya Deepakbhai's Australia-Fiji-NZ-Malaysia Satsang Schedule 2016

| Date | Day | City | From | To | Session Title | Venue | Contact No. & Email |
|---|---|---|---|---|---|---|---|
| 9-Sep | Fri | PERTH | 6-00 PM | 8-00 PM | Satsang | Bendat Parent and Community Centre 36 Dodd St, Wembley Perth, WA 6014 **Australia** | +61 430148386 |
| 10-Sep | Sat | PERTH | 10-00 AM | 12-00 PM | Aptaputra Satsang | | +61 425255677 |
| 10-Sep | Sat | PERTH | 4-00 PM | 7-30 PM | Gnanvidhi | | +61 401367868 |
| 11-Sep | Sun | PERTH | 4-30 PM | 7-00 PM | Satsang | | perth@au.dadabhagwan.org |
| 12-Sep | Mon | SYDNEY | All Day | All Day | Mahatma Only Shibir | Mercure Gerringong Resort, 1 Fern street Gerringong, NSW 2534 \| **Australia** | + 61421127947 |
| to | | | All Day | All Day | | | + 61402179706 |
| 15-Sep | Thu | | All Day | All Day | | | sydney@au.dadabhagwan.org |
| 16-Sep | Fri | SYDNEY | 7-00 PM | 9-30 PM | Satsang | Sant Nirankari Satsang Bhawan, 166 Glendenning Road, Glendenning, NSW - 2761, **Australia** | + 61421127947 |
| 17-Sep | Sat | SYDNEY | 10-00 AM | 12-00 PM | Aptaputra Satsang | | + 61402179706 |
| 17-Sep | Sat | SYDNEY | 3-30 PM | 7-00 PM | Gnanvidhi | | +61449629797 |
| 18-Sep | Sun | SYDNEY | 4-00 PM | 7-00 PM | Satsang | | sydney@au.dadabhagwan.org |
| 18-Sep | Sun | SUVA | 6-00 PM | 8-00 PM | Aptaputra Satsang | Shree Laxmi Narayan Mandir, 5 Holland Street, Suva, **Fiji** | +679 9313879<br>dadabhagwanfiji@gmail.com |
| 19-Sep | Mon | BA | 7-00 PM | 9-00 PM | Aptaputra Satsang | Shree Radha Krishna Mandir, Ganga Singh Street, Ba, **Fiji** | +679 9313879<br>dadabhagwanfiji@gmail.com |
| 20-Sep | Tue | LAUTOKA | 7-30 PM | 9-30 PM | Satsang | Fiji Girmit Centre Hall, Tavakubu Road, Lautoka, **Fiji** | +679 9313879 |
| 21-Sep | Wed | LAUTOKA | 7-30 PM | 10-00 PM | Gnanvidhi | | +679 9447678 |
| 22-Sep | Thu | LAUTOKA | 7-30 PM | 9-30 PM | Satsang | | dadabhagwanfiji@gmail.com |
| 23-Sep | Fri | ROTORUA | 8-00 PM | 9-30 PM | New Zealand Shibir | Holiday Inn, 10 Tryon St, Whakarewarewa, Rotorua 3043 **New Zealand** | +64 21 037 6434 |
| 24-Sep | Sat | ROTORUA | All Day | All Day | New Zealand Shibir | | +64 9 9486119 |
| 25-Sep | Sun | ROTORUA | 3-00 PM | 6-30 PM | Gnanvidhi | | info@nz.dadabhagwan.org |
| 26-Sep | Mon | ROTORUA | All Day | All Day | New Zealand Shibir | | |
| 28-Sep | Wed | MELAKA | 7-45 PM | 10-00 PM | Satsang | Gujarati Vanik Sangh, 99-101 Jalan Banda Kaba, 75000 Melaka, **Malaysia** | +60126385035<br>info@sg.dadabhagwan.org |
| 29-Sep | Thu | MELAKA | 7-45 PM | 10-00 PM | Satsang | Malacca Gujarati Samaj, No 186 Jalan Ujong Pasir, 75050, Melaka, **Malaysia** | +60126385035 |
| 30-Sep | Fri | MELAKA | 6-30 PM | 10-00 PM | Gnanvidhi | | info@sg.dadabhagwan.org |

ઓગસ્ટ ૨૦૧૬
વર્ષ-૨૧, અંક-૧૨
સળંગ અંક-૨૫૨

દાદાવાણી

Date Of Publication 1st of Every Month
Reg. no. of Newspaper 67543/95
Reg. no. GAMC - 1143/2015-2017
valid up to 31-12-2017
LPWP Licence No. CPMG/GJ/23/2015
Valid up to 31-12-2017
Posted at AHD. P.S.O. Sorting Office Set-1
on 1st of each month.

## વિષમભાવ ન થવા દેવો એ સાચી સામાયિક

સામાયિક એટલે એકાગ્રતા નહીં. પેણે દસ પ્યાલા પડી ગયાનું આમ જાણવામાં આવ્યું તોય મહીં સમતા રાખે, એક્ઝેક્ટ ! સામાયિકનો ખરો અર્થ એ છે કે વિષમભાવ ન થવા દે, કોઈપણ કારણસર ! એક અડતાળીસ મિનિટ વિષમભાવ ન થવા દો. સમ ન રહે પણ વિષમ ન થવા દો, એનું નામ સામાયિક. ઓહોહો ! એ તો બહુ મોટી અજાયબી કહેવાય ! જેમ છોકરો એની માને આવડી આવડી ગાળો ભાંડતો હોય, તે ઘડીએ બાપ સહન ન કરી શકે. પણ સામાયિકમાં બેઠો છે એટલે મનમાં એમ ખાતરી રહે કે અત્યારે સામાયિકમાં બેઠો છું, એટલે મારે વિષમતા નથી કરવી. પેલો ઉછાળો તો રહે પણ એને સમ કરી નાખે. જેમ આ તોલતી વખતે પેલામાં જરાક એ થયું તો પાછા આમાં નાખો. પાછું આ ઊંચું ગયું તો આમ નાખ્યું પણ રાગે પાડી દે.જો એવી સામાયિક કરતો હોય તો કામ જ થઈ જાય !

-દાદાશ્રી

માલિક-મહાવિદેહ ફાઉન્ડેશન વતી પ્રકાશક અને મુદ્રક - શ્રી ડિમ્પલ મહેતાએ અંબા ઓફસેટ, બેઝમેન્ટ, પાર્શ્વનાથ ચેમ્બર્સ, ઉસ્માનપુરા, અમદાવાદ - ૧૪ ખાતે છપાવી પ્રકાશિત કર્યું.